PRNo.: SRT-687/2015-2017
Posted at : SURAT RMS / 2 on Dt.03-09-2017
RNI Regn. No. : GUJ/2006/20048

વિદ્યાર્થીઓનું અખબાર

# શિક્ષણ સર્વદા

**અંકના આકર્ષણ**

page > 4
આર્કિટેક્ચર કોલેજોમાં આ વર્ષે પહેલા રાઉન્ડના અંતે ખાલી પડેલી બેઠકોની માહિતી

page > 5
ઇન્ડિયન નેવીમાં નોકરી કરવા માટેની અમૂલ્ય તકઃ વાંચો નેવી ભરતીની જાહેરાત

page > 6
શાળા સર્વદા, જુદી જુદી શાળાઓમાં વિતેલા પખવાડિયે થયેલી પ્રવૃત્તિઓ

■ પાના : ૦૮ ■ વાર્ષિક લવાજમ રૂા.૫૦૦/-
email : shikshansarvada@gmail.com

તંત્રી : જસ્મીન પચ્ચીગર ● ડિરેક્ટર : અશોક રાંદેરીયા ■ સળંગ અંક : ૨૫૯ ■ વર્ષ : ૧૧ ■ તા.૧ થી ૧૫, સપ્ટેમ્બર ૨૦૧૭

પ્રેસનોટનું સ્થળ : સાંઇ કોર્પોરેશન, સુબોધ બેકરી સામે, એલ.આઇ.સી. ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, સુરત. ■ મો : ૯૪૨૬૬-૪૪૯૪૪ ■ ફોન-ફેક્સ : ૦૨૬૧-૨૭૪૭૪૪૦.

# ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રે વર્ષ ૨૦૧૮ સુધીમાં ૩૦ લાખ નોકરીઓ ઉભી કરશે

## સાઈબર સિક્યોરિટી, એપ્લિકેશન ડેવલપર્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હેન્ડસેટ ટેક્નિશિયન્સ માટે નોકરીની તકો

કોમ્યુનિકેશન સેક્ટરમાં યુવાનો માટે ૩૦ લાખ જેટલી નોકરીઓની તકો ભી થશે તેવો સર્વે એસોચેમ દ્વારા તાજેતરમાં કરવામાં આવ્યો છે. આ ક્ષેત્રે આવેલા અનેક પરિવર્તનો જેમ કે ૪જી ટેકનોલોજીના લીધે ડેટાના વપરાશમાં થયેલો વધારો, માર્કેટમાં આવેલા નવા પ્લેયર્સ, ડિજિટલ ક્ષેત્રનું વર્ચસ્વ, સ્માર્ટ ફોનની વધતી લોકપ્રિયતાના લધી સતત ટેકનોલોજી ઉપરાંત અન્ય ડેવલપમેન્ટ્સમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. જે ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રે નવી નોકરીઓની તકો ઉભી કરી રહ્યું છે. આ સર્વેમાં ખાસ એવું નોંધવામાં આવ્યું છે કે, ઉભરતી ૫જી ટેકનોલોજી અને એમરએમ ઉપરાંત ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી ક્ષેત્રે જ વર્ષ ૨૦૨૧ સુધીમાં નવી ૮.૭૦ લાખ વ્યક્તિઓ માટે રોજગારીની તકો ભી થશે. એસોચેમ અને કેપીએમજીના જોઈન્ટ સર્વે પ્રમાણે હાલ આ ક્ષેત્રમાં જે સ્કીલફુલ માનવબળ જોઈએ તે પ્રમાણેનો નથી, જેથી આગામી નવી ટેકનોલોજીને તેઓ પહોંચી નહીં વળે. તેથી આ મોટો ગેપ પુરવા માટેની વિશાળ તકો છે. આ ક્ષેત્રમાં સાઈબર સિક્યોરિટી એક્સપર્ટ્સ, એપ્લિકેશન ડેવલપર્સ, સેલ્સ એક્ઝિક્યુટિવ્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેક્નિશિયન્સ, હેન્ડસેટ ટેક્નિશિયન્સ વગેરે માટે નોકરીઓની તકો ખુલશે. ઈન્ડિયન ટેલિકોમ સેક્ટરમાં આમૂલ પરિવર્તન જોવા મળી રહ્યો છે અને માર્કેટ વોઈસ સેન્ટ્રિકમાંથી ડેટા સેન્ટ્રિક બની રહ્યો છે. એમાં હાલ વોઈસ બિઝનેસ ઓપરેટર્સને સારી આવક કરી આપે છે, ત્યારે હવે ડેટાના બિઝનેસથી પણ છેલ્લા કેટલાક વર્ષોમાં જબરજસ્ત આવક ઓપરેટર્સને મળી રહી છે. વર્ષ ૨૦૧૬ના અંત સુધીમાં દેશમાં ઈન્ટરનેટ વપરાશકર્તાઓ ૩૯૧. ૫૦ મીલીયન હતા, જે ઈન્ટરનેટ યુઝર્સની દ્રષ્ટિએ દુનિયામાં બીજા ક્રમે આવે છે. મોબાઈલ ડેટા ટ્રાફિક વર્ષ ૨૦૧૬માં ૭૬ ટકા વધ્યો છે અને તેમાં મોટાભાગે સ્માર્ટફોનનો ફાળો છે. એક એવરેજ સ્માર્ટ ફોન દ્વારા દર મહિને સરેરાશ ૫૫૯ મેગાબાઈટ્સ મોબાઈલ ડેટા જનરેટ કરવામાં આવે છે. જયારે કે વિડિયો કન્ટેન્ટ વર્ષ ૨૦૨૧ સુધીમાં ૭૫ ટકા જેટલું થઈ જશે, જે હાલમાં ૪૯ ટકા જેટલું છે. સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે મોબાઈલ ટેકનોલોજીમાં નવા એડવાન્સમેન્ટ જેવા કે હેલ્થ મોનિટર્સ, સ્માર્ટ ટ્રાન્સપોર્ટ, સ્માર્ટ મીટર્સના લીધે એમરએમ સર્વિસમાં ૨૧ ટકા જેટલો વધારો થયો છે. ઈન્ડિયન ટેલિકોમ ઈન્ડસ્ટ્રી દુનિયાની બીજા ક્રમની સૌથી મોટી ઈન્ડસ્ટ્રી છે. આ ક્ષેત્રે છેલ્લા કેટલાક વર્ષોમાં જબરજસ્ત પરિવર્તન ફૂંકાયો છે. ખાસ કરીને એફોર્ડેબલ ટેરિફ્સ, વાઈડર અવેઈલિબિટી, મોબાઈલ નંબર પોર્ટિબિલિટીમાં સરળતા, ૩જી અને ૪જી નેટવર્ક, ઉપયોગની રીતમાં થયેલા ફેરફારો તેના મૂળ કારણો છે. જો કે, આ ક્ષેત્રે હજુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકનોલોજી અપગ્રેડેશનમાં ઘણી લાંબી સફર કાપવાની છે, ખાસ કરીને સ્પર્ધાત્મક માર્કેટમાં ટકી રહેવા માટે. વિઝન ૨૦૨૦ (હેશ) ૧.૧ બિલીયન સીમ કનેક્શન વર્ષ ૨૦૨૦માં ૧.૪ બીલીયન થશે.મીલીયન મોબાઈલ ધારકો છે, જેમાં વર્ષ ૨૦૨૦ સુધીમાં ૩૦૦ મીલીયન નવા ધારકો ઉમેરાશે.જીડીપીમાં ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રનો ફાળો ૮.૨ ટકા થઈ જશે.મોબાઈલ ઓપરેટર્સની ડેટાની રેવેન્યૂ ૩૧ બીલીયન યુએસ ડોલર્સથી વધીને ૩૯.૭ બિલીયન ડોલર્સ ૨૦૨૦ સુધી થઈ શકે.

# વેટરનરી કોલેજોને કૃષિ યુનિ.માંથી દૂર કરી કામધેનુ યુનિ.માં સામેલ કરાશે!

ગુજરાતમાં વર્ષ ૨૦૦૪ પહેલા એક જ કૃષિ યુનિવર્સિટી અસ્તિત્વમાં હતી. આ યુનિવર્સિટી રાજયમાં ચાર જુદા જુદા ઝોનમાં કાર્યરત હતી. જે તે સમયે રાજયના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ સત્તા સંભાળ્યા બાદ ચાર ઝોનમાં ચાલતી કૃષિ યુનિવર્સિટીને વહીવટી સુગમતા અને કૃષિના સર્વાંગી વિકાસ માટે ચાર ઝોનને ચાર અલગ અલગ યુનિવર્સિટી જાહેર કરી દીધી હતી. હાલમાં ચાર યુનિવર્સિટીઓ કાર્યરત છે. હવે આગામી દિવસોમાં આ ચાર યુનિવર્સિટીઓ સાથે સંકળાયેલી વેટરનરી, ફિશરીઝ અને ડેરી સાયન્સને લગતી તમામ કોલેજોને યુનિવર્સિટીથી અલગ કરીને કામધેનુ યુનિવર્સિટી સાથે જોડી દેવાની હિલચાલ શરૂ કરાઈ છે. ખેતી અને પશુપાલન એકબીજાના પૂરક ગણાય છે. જેના કારણે વેટરનરી કોલેજો કૃષિ યુનિવર્સિટી સાથે જોડાયેલી રાખવામાં આવે છે. સૂત્રો કહે છે તાજેતરમાં કામધેનુ યુનિવર્સિટીની જાહેરાત કરાઈ છે. આ નવી યુનિવર્સિટીની રચના બાદ હવે નવસારી કૃષિ યુનિવર્સિટી, આણંદ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી સાથે જોડાયેલી ચાર વેટરનરી કોલેજોને આ યુનિવર્સિટીઓમાંથી દૂર કરીને કામધેનુ યુનિવર્સિટીમાં સામેલ કરવાની હિલચાલ શરૂ કરાઈ છે. આ પ્રકારના નિર્ણયના કારણે હાલમાં વેટરનરી કોલેજોમાં કામ કરતાં કર્મચારીઓ,અધ્યાપકો સહિતના તમામ સ્ટાફને પણ ટ્રાન્સફર કરવો પડે તેમ છે. એટલું જ હાલમાં ચારેય યુનિવર્સિટીઓમાં વેટરનરી કોલેજો માટે જે પ્રકારની વ્યવસ્થા ઉપલબ્ધ છે તે તમામ વ્યવસ્થા કામધેનુ યુનિવર્સિટીમાં નવેસરથી ભી કરવી પડે તેમ છે. આ ઉપરાંત કૃષિ યુનિવર્સિટીમાંથી વેટરનરી સહિતના કોલેજોને દૂર કરાતા કૃષિ યુનિવર્સિટીનો વિકાસ અટકી પડશે.સૂત્રો કહે છે વર્ષ ૨૦૦૪માં એક યુનિવર્સિટીમાંથી ચાર યુનિવર્સિટીઓ અસ્તિત્વમાં આવ્યા પછી આજસુધી એકપણ યુનિવર્સિટીના કુલપતિને આ પ્રકારનો વિચાર સુધ્ધા આવ્યો નથી. આ મુદ્દે હાલ તો દરેક કૃષિ યુનિવર્સિટીના અધ્યાપકો, કર્મચારીઓએ પોતાની રીતે સરકાર અને કેન્દ્ર સરકારમાં રજૂઆત કરીને આ કામગીરી તાકીદે અટકાવવાની માંગણી કરાશે. કૃષિ અને વેટરનરીનો અનુભવ નથી તેવા કુલપતિઓ સરકારને સૂચન કરે ! રાજયની ચાર કૃષિ યુનિવર્સિટી સાથે સંકળાયેલા અધ્યાપકો કહે છે હાલમાં જે કામધેનુ યુનિવર્સિટીમાં વેટરનરી કોલેજોને સમાવવાની તૈયારીઓ કરવામાં આવી છે.

**અનુસંધાન પાના નં.૪ પર**

# રાજ્યમાં AIMSની અધ્ધરતાલ

ગુજરાતમાં નજીકના મહિનાઓમાં એઈમ્સ (અઈઈખજઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ્સ ઓફ મેડિકલ સાયન્સીસ)ની સ્થાપનાની શક્યતા ઉપર ઠંડુ પાણી રેડાઈ ગયું છે. દેશમાં હાલ છ રાજયોમાં ભારત સરકારના ૧૦૦ ટકા ખર્ચે એઈમ્સ કાર્યરત છે. તાજતેરમાં દેશના અન્ય રાજયોમાં પણ લોકોને આધુનિકતમ આરોગ્ય સુવિધાઓમેડિકલ શિક્ષણ હાંસલ થઈ શકે તે માટે નવી એઈમ્સની સ્થાપના કરવાની નીતિના અનુસંધાને ૧૭ રાજયોએ ભારત સરકાર સમક્ષ પોતાના રાજયોમાં એઈમ્સની સ્થાપના માટે દરખાસ્તો કરી હતી. જેમાંથી ભારત સરકારે ૧૩ રાજયોમાં એઈમ્સની સ્થાપના કરવા માટેની મંજૂરી આપી હતી.ગુજરાત પણ સામેલ હતું. આમ છતાં હાલની સ્થિતિએ ગુજરાતમાં એઈમ્સની સ્થાપના કરવા માટે ગુજરાત સરકારે વડોદરામાં એક અને રાજકોટમાં ત્રણ એમ બે જિલ્લામાંઓમાં કુલ ૪ સ્થળોની પસંદગી કરીને ભારત સરકારને યાદી મોકલાવી આપી છે પરંતુ ભારત સરકારે હજુ સુધી ગુજરાતમાં એઈમ્સની સ્થાપનાની દિશામાં કોઈ જ અંતિમ કાર્યવાહી કરી નથી. કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સત્તારૂઢ થતાં જ તેમના હોમ સ્ટેટ ગુજરાતમાં એઈમ્સની સ્થાપના માટેના ચક્રો ગતિમાન થઈ ગયા હતા. ચાલુ વર્ષે તો કેન્દ્રિય નાણામંત્રી અરુણ જેટલીએ તેમના બજેટમાં ગુજરાત અને ઝારખંડમાં નવી એઈમ્સની સ્થાપના કરવા માટેની સત્તાવાર જાહેરાત કરી હતી. તેના પગલે હવે, ભારત સરકાર એકાદ વર્ષમાં તો ગુજરાતમાં એઈમ્સની સ્થાપના માટેની કાર્યવાહી આરંભી દેશે એવી આશા બંધાઈ પણ તે જાહેરાતને ૭ મહિના વીતી ગયા છે. અત્યારે ઓગસ્ટ તેના પૂર્વાર્ધમાં છે, ડિસેમ્બરમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી માટેની તારીખની જાહેરાતની આડે હવે, બેઅઢી મહિના બાકી રહ્યાં છે ત્યારે હવે ગુજરાતમાં એઈમ્સની સ્થાપનાના નામે ‘બાકી આગળ લઈ જવા સિવાય હવે કોઈ જ શક્યતા નથી કેમ કે ભારત સરકારે કબૂલ્યું છે કે, ગુજરાત સહિત હિમાચલ પ્રદેશ, બિહાર, તામિલનાડુ જેવા ચાર રાજયોમાં એઈમ્સની સ્થાપનાની દરખાસ્તને કોઈ જ અંતિમ સ્વરૂપ અપાયું નથી. જયારે રાયબરેલીમાં એઈમ્સની સ્થાપના માટે ૮૨૩ કરોડનું આયોજન કરાયું છે. ગોરખપુરમાં એઈમ્સની સ્થાપના માટે ૧૦૧૧ કરોડના ખર્ચને મંજૂરી આપી છે. આંધ્રપ્રદેશમાં ૧૬૧૮ કરોડ, પશ્ચિમ બંગાળ માટે ૧૭૫૪ કરોડ, મહારાષ્ટ્રના નાગપુરમાં એઈમ્સની સ્થાપના માટે ૧૫૭૭ કરોડ, આસામના કામરૂપમાં ૧૧૨૩ કરોડ, પંજાબમાં બઠિડા માટે ૯૨૫ કરોડ, જમ્મુકાશ્મીરમાં જમ્મુ ક્ષેત્ર અને કાશ્મીર ક્ષેત્ર માટે પણ મંત્રીમંડળે મંજૂરી આપી દીધી છે. એવી જ રીતે ઝારખંડના દેવઘર એમ કુલ ૯ રાજયો માટે પણ સાઈટને અંતિમ સ્વરૂપ અપાઈ ગયું છે. જયારે ગુજરાત, હિમાચલ પ્રદેશ, બિહાર અને તામિલનાડુમાં એઈમ્સની સ્થાપનાને ભારત સરકારના મંત્રીમંડળમાં કોઈ જ આખરી સ્વરૂપ અપાયું નથી.ગુજરાતમાં વડોદરા અને રાજકોટમાંથી કોઈ એક જિલ્લામાં એઈમ્સની સ્થાપના થશે એમ મનાતું હતુ પરંતુ તે વખતે બંને જિલ્લાના પ્રભારી મંત્રીઓ વચ્ચે પોતાના જિલ્લા માટે થયેલી કથિત રાજકીય ખેંચતાણના કારણે કોઈ આખરી સ્થળ નક્કી ન થતાં વાત હાલમાં ટલ્લે ચઢી હોય તેમ જણાય છે. હવે, ગુજરાતમાં ડિસેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. જેની તારીખો ઓકટોબર દરમિયાન જાહેર થાય તેવી સંભાવના છે. જયારે ચૂંટણીની તારીખો જાહેર થશે તેની સાથે જ સમગ્ર ગુજરાતમાં ચૂંટણી

**અનુસંધાન પાના નં.૪ પર**

## ૧૭ રાજયોમાં દરખાસ્ત આવી હતી, ૧૩ને મંજૂરી અપાઈ, ૯માં કાર્યવાહી શરૂ, ૪માં આખરી સ્વરૂપ ન અપાયું

# ૭-૭ રાઉન્ડ પછી પણ આઈ.આઈ.ટી.ની સીટો ખાલી!!

## JoSAA 2017 : Seat vacancy after round 7 seat allocation

| SN | Inst Code | Institute Name | Br Code | Branch Name | Category | Quota | Vacant Seats |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 101 | Indian Institute of Technology Bhubaneswar | 5289 | Metallurgical and Materials Engineering and M.Tech. in Materials Science | ST | AI | 1 |
| 2 | 201 | Dr. B R Ambedkar National Institute of Technology, Jalandhar | 4104 | Bio Technology | ST | HS | 2 |
| 3 | 201 | Dr. B R Ambedkar National Institute of Technology, Jalandhar | 4107 | Chemical Engineering | ST | HS | 4 |
| 4 | 201 | Dr. B R Ambedkar National Institute of Technology, Jalandhar | 4109 | Civil Engineering | ST | HS | 2 |
| 5 | 201 | Dr. B R Ambedkar National Institute of Technology, Jalandhar | 4114 | Electronics and Communication Engineering | ST | HS | 1 |
| 6 | 201 | Dr. B R Ambedkar National Institute of Technology, Jalandhar | 4125 | Mechanical Engineering | ST | HS | 3 |
| 7 | 201 | Dr. B R Ambedkar National Institute of Technology, Jalandhar | 4139 | Textile Technology | ST | HS | 3 |
| 8 | 201 | Dr. B R Ambedkar National Institute of Technology, Jalandhar | 4148 | Instrumentation and Control Engineering | ST | HS | 3 |
| 9 | 201 | Dr. B R Ambedkar National Institute of Technology, Jalandhar | 4149 | Industrial and Production Engineering | ST | HS | 3 |
| 10 | 205 | National Institute of Technology Agartala | 4107 | Chemical Engineering | ST | HS | 8 |
| 11 | 205 | National Institute of Technology Agartala | 4110 | Computer Science and Engineering | ST | HS | 7 |
| 12 | 205 | National Institute of Technology Agartala | 4111 | Electrical Engineering | ST | HS | 7 |
| 13 | 205 | National Institute of Technology Agartala | 4114 | Electronics and Communication Engineering | ST | HS | 10 |
| 14 | 205 | National Institute of Technology Agartala | 4125 | Mechanical Engineering | ST | HS | 8 |
| 15 | 205 | National Institute of Technology Agartala | 4142 | Electronics and Instrumentation Engineering | ST | HS | 10 |
| 16 | 205 | National Institute of Technology Agartala | 4143 | Bio Engineering | ST | HS | 5 |
| 17 | 205 | National Institute of Technology Agartala | 4145 | Production Engineering | ST | HS | 13 |
| 18 | 205 | National Institute of Technology Agartala | 5267 | Engineering Physics | ST | HS | 2 |
| 19 | 205 | National Institute of Technology Agartala | 5602 | Physics | ST | HS | 3 |
| 20 | 205 | National Institute of Technology Agartala | 5604 | Chemistry | ST | HS | 2 |
| 21 | 205 | National Institute of Technology Agartala | 5605 | Mathematics | ST | HS | 2 |
| 22 | 206 | National Institute of Technology Calicut | 4104 | Bio Technology | ST | HS | 1 |
| 23 | 206 | National Institute of Technology Calicut | 4107 | Chemical Engineering | ST | HS | 2 |
| 24 | 206 | National Institute of Technology Calicut | 4109 | Civil Engineering | ST | HS | 1 |
| 25 | 206 | National Institute of Technology Calicut | 4110 | Computer Science and Engineering | ST | HS | 1 |
| 26 | 206 | National Institute of Technology Calicut | 4114 | Electronics and Communication Engineering | ST | HS | 4 |
| 27 | 206 | National Institute of Technology Calicut | 4117 | Engineering Physics | ST | HS | 1 |
| 28 | 206 | National Institute of Technology Calicut | 4144 | Electrical and Electronics Engineering | ST | HS | 3 |
| 29 | 206 | National Institute of Technology Calicut | 4145 | Production Engineering | ST | HS | 2 |
| 30 | 209 | National Institute of Technology Goa | 4114 | Electronics and Communication Engineering | ST | GO | 1 |
| 31 | 212 | National Institute of Technology Meghalaya | 4114 | Electronics and Communication Engineering | ST | HS | 3 |
| 32 | 212 | National Institute of Technology Meghalaya | 4125 | Mechanical Engineering | ST | HS | 4 |
| 33 | 213 | National Institute of Technology Nagaland | 4110 | Computer Science and Engineering | ST | HS | 8 |
| 34 | 213 | National Institute of Technology Nagaland | 4114 | Electronics and Communication Engineering | ST | HS | 15 |
| 35 | 213 | National Institute of Technology Nagaland | 4125 | Mechanical Engineering | ST | HS | 15 |
| 36 | 213 | National Institute of Technology Nagaland | 4142 | Electronics and Instrumentation Engineering | ST | HS | 15 |
| 37 | 213 | National Institute of Technology Nagaland | 4144 | Electrical and Electronics Engineering | ST | HS | 13 |
| 38 | 215 | National Institute of Technology Puducherry | 4109 | Civil Engineering | ST | HS | 1 |
| 39 | 215 | National Institute of Technology Puducherry | 4110 | Computer Science and Engineering | ST | HS | 2 |
| 40 | 215 | National Institute of Technology Puducherry | 4114 | Electronics and Communication Engineering | ST | HS | 1 |
| 41 | 215 | National Institute of Technology Puducherry | 4144 | Electrical and Electronics Engineering | ST | HS | 2 |
| 42 | 217 | National Institute of Technology Sikkim | 4104 | Bio Technology | OP | HS | 11 |
| 43 | 217 | National Institute of Technology Sikkim | 4104 | Bio Technology | SC | HS | 2 |
| 44 | 217 | National Institute of Technology Sikkim | 4104 | Bio Technology | ST | HS | 1 |
| 45 | 217 | National Institute of Technology Sikkim | 4109 | Civil Engineering | OP | HS | 10 |

# હદથી વધુ ફેસબૂક યૂઝ કરનારાના જીવ પર જોખમ

શિક્ષણ જગત સાથે સંકળાયેલા લોકો આજકાલ અતિશય રીતે ફેસબુક, વોટ્સએપથી જોડાયેલા છે ત્યારે તેમના માટે આ અત્યંત મહત્વના સમાચાર છે. સોશિયલ મીડિયા સાથે જોડાયેલા ચોંકાવનારા રિસર્ચ અવારનવાર સામે આવતા રહે છે. જોકે, હવે જે રિસર્ચ સામે આવ્યું છે તે ન માત્ર ચોંકાવનારૂં છે, પરંતુ નેટીઝન્સ માટે ચેતવણી સમાન પણ છે. આ રિસર્ચમાં કહેવાયું છે કે, ફેસબૂક, ટ્વીટર અને ઈન્સ્ટાગ્રામ પર બે કલાકથી વધુ સમય વિતાવનારા આત્મહત્યા કરવા પ્રેરાય તેવા મજબૂત ચાન્સ છે. અભ્યાસ અનુસાર, બે કલાકથી વધુ સમય સોશિયલ મીડિયા પર ચોંટી રહેનારા કિશોરોાં આત્મહત્યાની ભાવના વધારનારા વિચારો પેદા થાય છે અને તેમના માનસિક સ્વાસ્થ્યને નુક્સાન પહોંચે છે. કેનેડાના ઓટાવામાં સાયબર સાયકોલોજી એન્ડ બિહેવિયર જર્નલમાં પ્રકાશિત થયેલા અહેવાલ અનુસાર, સાતથી બારમા ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું તો જાણવા મળ્યું હતું કે, લગભગ ૨૫ ટકા વિદ્યાર્થીઓ રોજના બે કલાકથી વધારે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવાની આદત ધરાવતા હતા. 'સોશિયલ સાઈટથી આત્મહત્યાના વિચાર' નામના આ અહેવાલમાં તેવા લોકોને પણ ચેતવણી આપવામાં આવી છે જે હદથી વધારે સોશિયલ સાઈટ પર મોજૂદ રહે છે અને તેના કારણે તેમને જીવનમાં નીરસતા મહેસૂસ થાય છે.

# ઓપન સ્કુલિંગનો યુગારંભ

નાનપણમાં ક્યાંક વાંચેલું કે આપણા જાણીતા કવિ રાજેન્દ્ર શુકલે એમનાં સંતાનોને સ્કૂલે નહોતાં મૂક્યાં, ઘરે જાતે જ ભણાવેલા. બસ, ત્યારથી રાજેન્દ્ર શુક્લ અનેક લોકોના પ્રિય કવિ છે અને રહેશે. ઘણા લોકોને એમનો આઈડિયા જ બહુ ગમી ગયો કે બાળકોએ સ્કૂલે જવાનું જ નહીં ! કોઇ ટીચર નહીં, હોમવર્ક નહીં, ના તો પરીક્ષાની ચિંતા કે નહીં પાસ, નાપાસનો ડર, કોઇ સરખામણી નહીં અને ના તો કોઇ પનિશમેન્ટ! આને કહેવાય 'સો ટચનું બાળપણ !

જોકે આજકાલ તો સ્કુલોમાં ત્રાસદાયક વાતાવરણ છે, જોકે પહેલાના જમાનામાં તો અનેક સ્કુલોમાં જેમ ઇન્કમટેકસવાળા અણચિતવ્યી રેડ પાડે એમ ઘણી શાળાઓમાં ઓચિંતી પરીક્ષાઓ લેવાતી! રવિવારે આખો દિવસ, રમ્યા હોવ, મોજશોખ, પાર્ટી એન્જો કરી હોય અને અઠવાડીયાના પહેલા દિવસ, સોમવારની કંટાળાજનક સવારમાં અચાનક જ સી.બી.આઈ. ઓફિસરની જેમ એક ટીચર આવીને એનાઉન્સ કરે કે આજે ગણિતની સરપ્રાઇઝ પરીક્ષા છે!! ત્યારે દરેક વિદ્યાર્થીની જોવાજેવી હાલત થતી હશે કે નહીં ?

સવાર-સવારમાં કંઈ સમજાય એ પહેલાં જ હાથમાં ગણિતનું પેપર હોય! આમ શાળા જીવનથી જ અમને 'આ જીવનમાં સુખદુઃખ કશું જ કાયમી નથીકે 'મનુષ્યએ જિંદગીમાં કશાયથીય ચોંકવું નહીએ ગૃઢજ્ઞાન આ સરપ્રાઈઝ ટેસ્ટ વડે શીખવા મળ્યું. અમારા કરપીણ બાળપણની સામે 'સ્કૂલ ન જવાનોઆઈડિયા અમને બહુ જ પસંદ પડેલો. વિચાર તો કરો, કેવી મજા પડે ને કે મમ્મી અનાજ વીણતાં વીણતાં અંગ્રેજી શીખવે...પપ્પા, દાઢી છોલતાં છોલતાં દાખલાઓ કરાવે।બેન કપડાં સૂકવતાં સૂકવતાં કવિતાઓ સમજાવે।પડોશી પંચાત કરતાં કરતાં પાયથાગોરસનો સિદ્ધાંત ભણાવે! ઘેર કાકામામા રહેવા આવ્યા હોય તો એ જમતાંજમતાં જયોમેટ્રી શીખવી દે...અને ખાસ બોનસ તો એ કે પરીક્ષા પણ જયારે આપવી હોય ત્યારે આપો. છએક મહિને ક્યારેક મમ્મીપપ્પા બહુ આગ્રહ કરે કે 'ચાલ બેટા, હવે તો પરીક્ષા આપ જોઉંતો ત્યારે તમે 'ના,પરીક્ષા લેશો તો હું નહીં જમું!જેવી જીદ પણ કરી શકો. સ્કૂલમાં એવી જીદ કરીએ તો એ લોકો સીધા માબાપને બોલાવે, પણ અહીંયાં માબાપ બિચારા કોને ફરિયાદ કરવા જાય? વળી પેપર પણ માબાપ જ તપાસે એટલે બે માર્ક વધુ જ મળેને?ના ના, ગમે તેમ તોયે મારા દીકરાએ મહેનત તો જ કરી છેએવું વિચારીને સગી માનું કાળજું માર્ક આપવામાં કંજુસાઈ ના જ કરી શકે ઘરમાં ભણવાનો બીજા ફાયદાઓ એ કે રોજ રોજ બોરિંગ યુનિફોર્મ પહેરવાની ઝંઝટ નહીં. સ્કૂલ જવા માટે ખાસ કપડાંને ઈ સ્રાી કરવી,પટ્ટોબિલ્લોશૂઝ કશું ભૂલાય ના જાય...એવી કોઈ મગજમારી જ નહીં. સૂઈ ઠીને બેડરૂમમાંથી જેવા નીકળ્યા કે સ્કૂલ શરૂ. દૂર સુધી જવાનું જ નહીં કે મજૂરની જેમ દફતર ચકવાનું નહીં. રિસેસ તો કે ગમે ત્યારે, રમવા પણ ગમે ત્યારે જઈ શકો. બીજું કે બાળકને ઘરમાં ભણાવવામાં માબાપને પણ ફાયદા છે. જેમ કે ફીના પૈસા બચે, નાસ્તાનો ખર્ચો, સ્કૂલ બસના પૈસા, બધું જ બચે. ડોનેશનના પૈસા બચાવીને જો એ રકમ ફિક્સ્ડ ડિપોઝિટમાં મૂકી દઈએ તો એ જ બાળકનાં લગ્ન કરાવવા જેટલા પૈસા ચોક્કસ બચાવી શકાય. આજે આધુનિક સમાજમાં હોમ સ્કૂલિંગનો કોનસેપ્ટ લોકપ્રિય થઇ રહ્યો છે અને આપણા દેશમાં ખાસ કરીને ગુજરાતમાં શાળાઓની જે હાલત છે તે જોતાં એમ જ થાય છે કે હવે સ્કૂલ ના જઇઓ કોઇ!

સિકંદરને પોરસસે કીથી લડાઈ,જો કી થી લડાઈ,તો મૈં ક્યા કરું?('અનપઢફિલ્મ) તમને થશે કે મારી દલીલો કેટલી બાલિશ છે પણ હું બાળક હતો ત્યારે જ આ બધું વિચારી ચૂકેલો. અત્યારે તો માત્ર ટપકાવું છું. જે ઉંમરે ડાહ્યા છોકરાઓ મોટા થઈને વડાપ્રધાન બનીને દેશનું ભલું કેમ કરવું એવું વિચારવામાં મગ્ન હોય કે વાઈડી છોકરીઓ મોટી થઈને સમાજની સેવા કરવાનાં માસ્ટર પ્લાન રચતી ત્યારે અમે 'સંતાનોને ઘરે ભણાવવાના ફાયદા એ વિષય પર ખાનગીમાં લગભગ પીએચ.ડી. લેવલનું રિસર્ચ કરી નાખેલું. સ્કૂલમાં જયારે જયારે કોઈ બાળસખી આંજણ+આદર્શ આંજેલી આંખે એમ કહેતી કે હું તો છેને મોટી થઈને છે ને...'મધર ટેરેસા બનીશ, બોલ! ત્યારે હું એને કહેતો કે મહાન મધર ટેરેસા બનવાના સપના છોડ,પરણીને તું ફક્ત 'મધરજ બનજે અને 'ટેરેસપર તારા સંતાનોને ભણાવે તોયે બહુ છે. એકવાર તો મેં સ્કૂલમાં, મિત્રમૈત્રીણીઓને ભેગાં કરીને 'ઘરે જ ભણવું એવી છુપી ચળવળ પણ શરૂ કરેલી. ખુંખાર આંતકવાદીઓ જેમ કુમળા બાળકોને બોમ્બ ફેંકવા ભડકાવે છે એમ હું રિસેસમાં મારાં ગ્રૂપને ઉશ્કેરણીજનક ભાષણો આપતો :'દોસ્તો...છોડો આ શાળા, મારો એને તાળાં! આ જાલિમ ટીચરો આપણા માસૂમ બાળપણનો ખાતમો કરે છે ખાતમો! ૭૭ કલાક સ્કૂલમાં અને ૨૨ કલાક હોમવર્કના મળીને આપણા ચાઈલ્ડહૂડને ચૂંથી નાખે છે. ચાલો આપણે આપણાં માબાપોને કહીએ કે આપણને હવે ઘરે જ ભણાવે નહીં તો આપણે હડતાલ ઘરે ઘરે કરીશું! કમઓન, આ સડેલી સ્કૂલપ્રથાનો વિરોધ કરો. આપણાં બાળપણને આપણે ક્લાસરૂમની ચાર દીવાલો વચ્ચે, એક્ઝામોના આતંક વચ્ચે ગોખણપટ્ટીના ગાંડપણ નીચે, કચડાવા નહીં દઈએ. ઠો, જાગો અને સ્કૂલનો બહિષ્કાર કરો. ઘરે ભણો, બોલો કોણ કોણ તૈયાર છે? અમુક છોકરાઓને મારો ક્રાન્તિકારી આઈડિયા ગમ્યો પણ એમનામાં મમ્મીપપ્પાને કહેવાની હિમ્મત નહોતી. જેમનામાં કહેવાની હિમ્મત હતી, એમનાં મમ્મીપપ્પા પોતે જ ભણેલાં નહોતાં કે બાળકોને ભણાવી શકે! અમુક બાળકોએ ભીની આંખે એમ પણ કબૂલ્યું કે જયારે એ લોકો શાળાએ જવા નીકળતાં ત્યારે એમનાં માબાપો ધીમેથી હાશકારો લઈને બોલતા કે હાશ, સાલા વાંદરાઓ ગયા. હવે શાંતિ આખો 'દિ! એટલે એમનાં માબાપ આ વાત નહીં માને! અમુક છોકરીઓએ તો એવાં વિચિત્ર કારણે ઘરે ભણવાનો વિરોધ કર્યો કે'જો અમે ઘરે જ ભણીશું તો મમ્મી, અમારા ચોટલા નહીં ઓળી આપે. આ તો સ્કૂલનો ટાઈમ થાય છે એટલે માંડમાંડ દાંત પીસીને ફટાફટ ચોટલા વાળી દે છેમ મને એ બધાં બાળકોનાં કરૂણ ચહેરાઓ આજેય યાદ છે. એ બધા જ બિચારા ઘરે ભણવાના બહાને નહોતા ભણવા માગતા. એ લોકો પણ મારી જેમ વનડે મેચ જોતાં જોતાં વિજ્ઞાન અને ભમરડો ફેરવતાં ફેરવતાં ભૂગોળ ભણવા માગતા હતા, પણ ક્રૂર સમાજ સામે લાચાર હતા. મેં ફરીથી સૌને ઉશ્કેરી જોયા, ચળવળમાં જોડાવા હાથ ઉપર કરવા છેલ્લી હાકલ કરી, એટલામાં પાછળથી કોઈએ મારા ખભા પર વજનદાર હાથ મૂક્યો!

જી હા, જાણભેદુ ટીચરે મારો પ્લાન પકડી પાડ્યો. એ ટીચરે 'જો વિદ્યાર્થીઓ શાળામાં નહીં આવે તો અમારી નોકરીનું શું?એમ વિચારીને નજીવા સ્વાર્થને લીધે મારી ક્રાન્તિનું બાળપણમાં જ બાળમરણ કરી નાખ્યું હશે. બાકીનાને ધમકી આપીને ક્લાસમાં ભગાડ્યા અને મારી પાસે ઠબેસ કરાવીમ જોકે હવે આજે મને સમજાય છે કે એ ટીચરે જે કર્યું એ સારું જ કર્યું. ગમે તેમ પણ બાળકોને સ્કૂલમાં તો મોકલવા જ જોઇએ, કારણ કે સવાલ માત્ર ઈતિહાસભૂગોળગણિત શીખવાનો નથી, જીવન શીખવાની વાત છે. તમે સ્કૂલમાં ગયા હોવ તો જ ખબર પડે કે સમાજમાં સરખી રીતે કેમ વર્તી શકાય. જેમ કે, છોકરીઓના સ્કર્ટ ના ખેંચાય. દોસ્તના ટિફિનમાંથી બિસ્કીટના ચોરી શકાય કે પછી સામેનાને વાતે વાતે,જાજા,તું તો બેવકૂફ છે, તને શું ખબર પડે? મને બધું આવડે છેએવો ફાંકો મારીને મિત્રો સાથે તોછડાઈ ના કરી શકાય! અને સ્કૂલકેન્ટીનના મેનેજરને પટાવીને મફતમાં નાસ્તો ખરીદવામાં 'સેલ્સ ડિપાર્ટમેન્ટની ઉધારી કરવાની શિક્ષા મળે. હોમવર્ક ના કર્યું હોય ત્યારે જ ટીચરને એમના દીકરાનું નામ અને ઉંમર પૂછીને ગળગળા કરી દેવામાં 'માર્કેટિંગ કળા આવડે! ૪૫ મિનિટના પિરીયડમાં ગમે તેટલા અકળાયા હોઈએ તો પણ ચુપચાપ બેસી રહેવાની કળા,પરણ્યા પછી પત્ની સામે ચૂપ રહેવામાં કામ આવે. જૂની પેન્સિલની સામે મિત્ર પાસેથી નવું રબ્બર પટાવીને લઈ લેવામાં નાનપણથી જ ધંધાની સમજ આવે. મોનિટર થઈને સૌ પર ધ્યાન રાખીને ટીચરને ચાડી ખાવામાં નાનપણથી જ જાસુસી કે પત્રકારત્વની કળા શીખી શકાય છે.ત્રિમાસિક પરીક્ષામાં ખરાબ માર્ક મળ્યા હોય તો પેરેન્ટ્સ પાસે પ્રોગ્રેસ કાર્ડ બે દિવસ મોડું દેખાડવાની આવડત વડે જ મોટાં થઈને મોડો ઇન્કમટેક્સ ભરવાની સમજણ નાનપણથી જ શીખવા મળે છે! ટૂંકમાં જે લોકો સ્કૂલે જઈને નથી ભણ્યા એમણે અમારાથી વધુ બાળપણ માણ્યું હશે એ વાતની મીઠી ઈર્ષ્યા અમને ચોક્કસ થાય છે, પણ સાથોસાથ એ લોકોએ ઘણું બધું પણ ગુમાવ્યું પણ હશે..,એ છેઃ નાનપણમાં જ મોટા થઈ જવાની કલા!ઘણીવાર મોટા થયા પછી પણ ઘણામાં એ નથી જ આવતી! બિલીવ મી... એન્ડ ટાઇટલ્સ ઈવ : હું મારાં બાળકોને જાતે જ ભણાવીશ આદમ : હા,એ બહાને તારું પણ પાકું થશે.

## આને કહેવાય ખરા એન્જિનિયર

# ગૃહિણીઓનો સમય ખાઈ જતી રોટલીઓ બનાવવા માટેનું ‘રોટીમેકર’ બનાવ્યું

સિંગાપોરસ્થિત ઑન્ટ્રપ્રનર પ્રણોતિ નાગરકરે રોટલી બનાવતો રોબો તૈયાર કર્યો છે. રોટીમૅટિક નામનું તેમનું સ્માર્ટ મશીન ફૂલકા રોટલી બનાવી આપે છે અને એ પણ લિટરલી એક બટન દબાવવા માત્રથી

કુકિંગનો એટલે કે ખોરાક રાંધવાનો શોખ હોય તોય સૌથી કંટાળાજનક કામ છે રોટલીઓ વણવાનું. હાથ ગંદા કરીને લોટ બાંધવો, વનબાયવન રોટલીઓ વણતા જવું અને ચૂલા પર ચડાવીને એને ફૂલકા રોટલી થાય ત્યાં સુધી પકાવતા જવું. એમાંય ઉનાળાની સીઝન હોય એટલે ગરમીથી બફાવાનું અને રોટલીઓ ઉતારતા જવાનું. બીજો પ્રૉબ્લેમ થાય વર્કિંગ ગૃહિણીઓને. આપણે ત્યાં (અલબત્ત, કમનસીબે જ) રાંધવાનું કામ  સ્ત્રીઓને માથે નાખી દેવાયું છે એટલે નોકરીએ જવાનું મોડું થતું હોય તોય વહેલી સવારે ઠીને આખા પરિવાર માટે ડઝનબંધ રોટલીઓ વણવી જ પડે. સાંજે થાક્યાપાક્યા આવ્યા પછીયે આ જ રૂટીનનું પાલન કરવું પડે. ત્રીજો પ્રૅ આપણી મેન્ટાલિટીનો છે. આપણને ગરમાગરમ ફૂલકા રોટલીઓ ખાવાની એવી ટેવ પડી છે કે ટાઢી રોટલીઓ ખાવાની આવે તો ખાટી છાશ પીતા હોય એવું મોઢું થઈ જાય. આ તમામ પ્રૅાના એક ઉકેલ તરીકે થોડાં વર્ષ પહેલાંથી રોટીમેકર ઠીકઠાક ચલણમાં આવ્યાં છે. બે જાડા પાટલા વચ્ચે દબાઈને પહોળી થતી રોટલી ઈલેક્ટ્રિક્ક કરન્ટની મદદથી ફૂલીને બહાર આવે. એમાંય જોકે ટેસ્ટના પ્રૅા રહે છે અને વળી લોટ બાંધવાની અને લૂઆ બનાવવાની કડાકૂટ તો કરવી જ પડે છે. તો પછી આ શાશ્વત સમસ્યાનું કોઈ સોલ્યુશન ખરું?

સિંગાપોર સ્થિત ભારતીય ગૃહિણીકમઈન્વેન્ટરકમ ઑન્ટ્રપ્રનર પ્રણોતિ નાગરકરને મળીએ તો તે આપણને પોતાનું અફલાતૂન ઈનોવેશન રોટીમૅટિક બતાવશે. દેખાવમાં કોઈ જૂસર કે ફૂડ પ્રોસેસર જેવું દેખાતું રોટિમૅટિક નામનું બૉક્સ વાસ્તવમાં રોટી મેકિંગ રોબો છે. આ પ્રોડક્ટ અત્યાધુનિક ટેક્નૉલૉજી, સિમ્પ્લિફિકેશન અને ક્વૉલિટી ત્રણેયનું કૉમ્બિનેશન છે. એ વધુ સારું હોવાનું એક કારણ એ છે કે ખુદ પ્રણોતિને પોતાના વ્યસ્ત શેડ્યૂલમાં અન્ય કોઈ પણ વર્કિંગ વુમનની જેમ જ મુશ્કેલીઓ પડતી હતી. એ જરૂરિયાતમાંથી આ શોધ જન્મી છે.

પુણેમાં જન્મીને મોટી થયેલી પ્રણોતિ એન્જિનિયર પરિવારનું ફરજંદ છે. પ્રણોતિની માતા પેઈન્ટર છે અને પોતાની ઈન્ટીરિયર ડિઝાઈન કન્સલ્ટન્સી ચલાવવાથી લઈને કમ્પ્યુટર પ્રોગ્રામિંગ અને મૅથેમૅટિક્સનાં શિક્ષિકા સુધીની જાતભાતની સફર તય કરી છે. એ જ રીતે પ્રણોતિના એન્જિનિયર પિતાએ મશીન ડિઝાઈનમાં કરીઅર પસાર કરી અને આયખાના પચાસમાં દાયકામાં તેમણે પોતાની કંપની શરૂ કરી. પ્રણોતિના કહેવા પ્રમાણે તે પોતાનાં મમ્મી અને પપ્પા બન્નેનું પર્ફેક્ટ કૉમ્બિનેશન છે. ભણતી હતી ત્યારે પ્રણોતિને સિંગાપોર ઍરલાઇન્સની યુથ સ્કૉલરશિપ મળી ગઈ અને ત્યાર પછી ત્યાંની નૅશનલ જુનિયર કૉલેજમાં ભણવાની તક પ્રાપ્ત થઈ. સિંગાપોરની જ નૅશનલ યુનિવર્સિટીમાંથી તેણે મેકૅનિકલ એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી અને પ્રોડક્ટ ડિઝાઈનમાં આગળ વધી. યુનિવર્સિટી એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ કૅલિફૉર્નિયાના બર્કલીમાં પણ ભણવાની તક મળી હતી.


અભ્યાસ પૂરો થયા બાદ પ્રણોતિની કરીઅર ફાસ્ટ ગિયર પર દોડવા માંડી હતી. તે એક જાણીતી કન્ઝ્યુમર બ્રૅન્ડ માટે તેની પ્રોડક્ટને કન્સેપ્ટથી લઈને માસ મૅન્યુફૅક્ચરિંગ ડિઝાઈનના તબક્કા સુધી પહોંચાડવાનું કામ કરી રહી હતી. આમ તો તેની લાઈફ સેટ હતી, પરંતુ એક પ્રૅ તેને સતાવી રહ્યો હતો કે પરિવારોને હેલ્ધી ખાવાનું કઈ રીતે આપી શકાય? અને એ પણ મિનિમમ મહેનતથી? ખાસ્સું વિચારતાં પ્રણોતિને સમજાયું કે રોટલી મુખ્ય વસ્તુ છે. એના વિકલ્પે જ લોકો બહારની આથાવાળી પ્રોડક્ટ્સ તરફ વળે છે. જો સમગ્ર પરિવારને ગમે ત્યારે ગરમાગરમ રોટલીઓ મળી રહે તો એકસાથે અનેક પ્રૅા સૉલ્વ થઈ શકે એમ છે.


૨૦૦૮માં પોતાની તમામ બચતનું રોકાણ કરીને પ્રણોતિએ ઝિમ્પ્લિસ્ટિક નામની કંપની સ્થાપી. આ સ્ટાર્ટઅપનો હેતુ હતો કે વિશ્વનું સૌપ્રથમ ફુલી ઑટોમૅટિક રોટી મેકિંગ મશીન, રોટીમૅટિક તૈયાર કરીને લોકો સમક્ષ મૂકવું. સળંગ સાત વર્ષ સુધી પ્રણોતિ અને તેની ઈનોવેટર્સની ટીમ પર્ફેક્ટ રોટીમેકિંગ મશીન બનાવવામાં મચી પડી. તેમનાં ઈનોવેશન્સના તબક્કાનો વિડિયો જોઈએ ત્યારે સમજાય કે અત્યારે આપણી સમક્ષ જે રોટીમૅટિકનું મશીન દેખાય છે એ ખરેખર ઉત્ક્રાન્તિના કેટલા બધા તબક્કાઓમાંથી પસાર થયું છે. પ્રણોતિને એક રોટીમેકર પાસેથી શું જોઈએ એ અપેક્ષાનું લિસ્ટ રેડી હતું અને એમાં તે જરાય બાંધછોડ કરવા માગતી નહોતી. જેમ કે કોઈ જ કડાકૂટ વગર રોટલીઓ બનવી જોઈએ, નાનું બાળક પણ એમાં રોટલી બનાવી શકવું જોઈએ, જરાય ટાઈમ બગડવો ન જોઈએ અને છતાં ગરમાગરમ, હેલ્ધી, ટેસ્ટી રોટલીઓ બનવી જોઈએ.

અનેક વખત ડિઝાઈન અને ટેક્નૉલૉજીના ફેરફારોમાંથી પસાર થઈને આખરે તૈયાર થયું રોટીમૅટિક. તેમની આ ઈનોવેટિવ પ્રોડક્ટ સ્ટાર્ટઅપ ઍટ સિંગાપોર અને ઈન્ટેલ બર્કલી ટેક્નૉલૉજી ઑન્ટ્રપ્રનરશિપ ચૅલેન્જ જેવી સ્પર્ધાઓમાં પણ મોખરાનાં સ્થાન મેળવી ચૂકી છે. આ મશીન વાપરવા માટે એના ઉપરના ભાગે આપેલાં અલગઅલગ ખાનાંમાં નક્કી કરેલા પ્રમાણમાં પાણી, તેલ અને લોટ ઉમેરી દેવાનાં. આપણે કેટલી અને કેવી રોટલીઓ જોઈએ છે એ સિલેક્ટ કરી લઈએ એટલે મશીન પોતાનું કામ શરૂ કરી દે. એ વનબાયવન રોટલીઓ બનાવીને ખ્વપ્નમાંથી પૈસા નીકળતા હોય એમ ફૂલકા રોટલીઓ ટ્રેમાં બહાર આપવા માંડે. પાણી અને લોટનું કેટલું મિશ્રણ લેવું એ પણ આ મશીન જ નક્કી કરે છે અને લૂઆ બનાવવાનું કામ પણ મશીનની અંદર જ થાય છે. પ્રત્યેક મિનિટે એક રોટલી બહાર આપતું જતું આ મશીન એકસમયે મૅક્સિમમ વીસ રોટલીઓ વણી શકે છે. ત્યાર પછી નવો લોટ અને પાણી ઉમેરવાં પડે.

વધુ મજાની વાત એ છે કે રોટીમૅટિક અત્યારના લેટેસ્ટ ટ્રેન્ડ એવા ઈન્ટરનેટ ઑફ થિંગ્સનું પર્ફેક્ટ ઉદાહરણ છે. એમાં એક ઈન્ટરૅક્ટિવ સ્ક્રીન પણ છે અને આ આખુંય મશીન વાઈફાઈની મદદથી ઈન્ટરનેટ સાથે જોડાયેલું રહી શકે છે. સ્માર્ટફોનની જેમ આ મશીનમાં પણ સૉફ્ટવેર અપડેટ આવે છે, જે મશીનને નવાનવા લોટ અને અવનવા પ્રકારની રોટલીઓ બનાવવા સજ્જ કરતી રહે છે. મતલબ કે એ રેગ્યુલર રોટલી ઉપરાંત પૂરી, ખાખરા, ટૉર્ટિલા, પીત્ઝા બેઝ વગેરે પણ બનાવી શકે છે. રોટીમૅટિકની સ્માર્ટફોન ઍપની મદદથી પણ એના પર ધ્યાન રાખી શકાય છે.

૨૦૧૪થી પ્રીઑર્ડર માટે મુકાયેલું રોટીમૅટિક અત્યાર સુધીમાં તો હજારો પરિવારોના ઘરમાં પહોંચી ગયું છે. રોટીમેકર્સની બાબતમાં રોટીમૅટિક અન્ય એ રીતે અલગ પડે છે કે એ રીતસર ગ્લોબલ લેવલે ગ્રાહકોને પોતાની પ્રોડક્ટ પહોંચાડે છે. અન્ય એક રસપ્રદ વાત એ છે કે પ્રણોતિના ટેક્નૉક્રેટ હસબન્ડ રિશી ઈસરાની પણ આ સ્ટાર્ટઅપમાં તેની સાથે શરૂઆતથી જ જોડાયેલા છે. તે અત્યારે કંપનીના કોફાઉન્ડર અને ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસરની ભૂમિકા ભજવે છે. હા, જોકે આ રોટીમૅટિકની ભારતીય ચલણ પ્રમાણે ૬૪ હજાર રૂપિયાની કિંમત આપણને વધારે લાગી શકે. પરંતુ ડૉલરમાં કમાઈને ડૉલરમાં જ વાપરતા લોકો માટે એની ૯૯૯ ડૉલરની કિંમત ખાસ અકળાવી મૂકે એવી તો નથી જ.






## કેમિકલ એન્જિનિયરિંગ : નિરાશ થવાનો સમય નહીં આવે

એન્જિનિયરિંગમાં કેમિકલ બ્રાન્ચ એ પાયાની બ્રાન્ચ ગણવામાં આવે છે. આજે જીવન જરૂરી તમામ ચીજવસ્તુઓમાં કોઈને કોઈ રીતે કેમિકલનો ઉપયોગ થતો જ હોય છે. વર્તમાન યુગમાં નવા નવા કેમિકલોના સર્જનના કારણે ઈજનેરોની ડિમાન્ડ વધી રહી છે. કેમિકલ એન્જિનિયર થનારા વિદ્યાર્થીઓને શરૂઆતથી જ સારા પગારની નોકરી મળતાં હોવાથી વિદ્યાર્થીઓએ આ બ્રાન્ચમાં પ્રવેશ મેળવ્યા પછી નિરાશ થવાનો સમય આવતો નથી. ગુજરાત અને ભારતમાં કેમિકલ ઉદ્યોગોનો વ્યાપ વધતાં દિવસે દિવસે એન્જિનિયરોની માગ વધતી જાય છે. ગુજરાતમાં મોટાભાગે કેમિકલની બ્રાન્ચની બેઠકો ખાલી પડતી નથી. ભવિષ્યમાં નામાંકિત યુનિવર્સિટીઓ અને આઇઆઇટી જેવી સંસ્થા પણ કેમિકલને લગતાં વધુ નવા કોર્સ શરૂ કરશે. જેથી વિદ્યાર્થીઓ માટે પ્રવેશ મેળવવો પણ સરળ બનશે. કેમિકલ એન્જિનિયરિંગના અભ્યાસ પછી વિદ્યાર્થીઓ જોબ ઉપરાંત ધારે તો પોતાનો ખાનગી ઉદ્યોગ પમ શરૂ કરી શકે છે. કેમિકલ બ્રાન્ચનું વર્તમાન ગુજરાતમાં કેમિકલમાં ડિગ્રી ઇજનેરીનું શિક્ષણ આપતી ૧૭ કોલેજો અને એક હજાર બેઠકો છે. કેમિકલ એન્જિનિયરિંગ એ વિજ્ઞાનની એવી શાખા છે કે જે દરેક ક્ષેત્રમાં પાયાની શાખાઓમાંની એક કહી શકાય તેમ છે. કુદરતમાં મળતાં કાચા માલનું સમાજ ઉપયોગી અને બહોળા પ્રમાણમાં જરૂરી નીપજોમાં રૂપાંતરણ કરવા માટેની પ્રક્રિયાઓ જેવી કે રસાયણિક પ્રક્રિયા, શુદ્ધિકરણની પ્રક્રિયા વગેરેની સંપૂર્ણ સમજણ સાથે સંકળાયેલું છે. કેમિકલનો ઉપયોગ રોજીંદા જીવનની ચીજવસ્તુઓ જેવી કે રાંધણ ગેસ, પેટ્રોલ, ડીઝલ, પોલિમર્સ, પેટ્રોકેમિકલ્સ, ખાતર, આલ્કલી, સાબુ, ડિટર્જન્ટ પાવડર, ડાઇસ પેઇન્ટસ, પિગમેન્ટસ, વ સ્ત્રો, સિમેન્ડ, લ્યુબ્રિકન્ટ વગેરના ઉત્પાદન અને શુદ્ધિકરણમાં કેમિકલનો ઉપયોગ થાય છે. આજે કેમિકલ ઇજનેરી અને તેને લગતાં ક્ષેત્રો ટેક્નિકલ અને આર્થિક કસોટીમાંથી પસાર થઈ રહ્યાં હોવા છતાં નવો આકાર અને દિશા લઈ રહ્યાં છે તે નક્કી છે. કેમિકલ બ્રાન્ચનું ભવિષ્ય કેમિકલ એન્જિનિયરિંગ બાયોટેક્નોલોજી, ઇલેક્ટ્રોનિક્સ વગેરે ઇજનેરી શાખના સમન્વય સાથે નવા સ્માર્ટ અને સોફેસ્ટિકેટેડ પેદાશોના ઉત્પાદન માટે હરણફાળ ભરી રહ્યું છે. શુદ્ધતાની સાથે હવે નેનો ટેક્નોલોજીની મદદથી ફરી કેમિકલ એન્જિનિયરિંગ આવનારી કસોટીઓનો સામનો કરતાં ફરી એકવાર માર્કેટમાં નવા જ રૂપના ઉત્પાદન સાથે ઉજ્જવળ ભવિષ્યનો મજબૂત પાયો નાખશે. જ્યાં સુધી કેમિકલ ઉદ્યોગોનો સંબંધ છે ત્યાં સુધી ગુજરાત એ ભારતનું નંબર વન રાજય છે. કેમિકલ ઇજનેરીના સંશોધનના ક્ષેત્રમાં સીએસએમસીઆરઆઈ ભાવનગર, રિલાયન્સ વડોદરા તેમજ રિલાયન્સજામનગરના સંશોધન અને વિકાસ કેન્દ્રની પણ જોડ મળે તેમ નથી. આઈ.આઈ.ટી. ગાંધીનગરમાં પણ મુખ્ય બ્રાન્ચ તરીકે કેમિકલ એન્જિનિયરિંગ અને તેને લગતાં અભ્યાસક્રમો શરૂ થયા છે. સૌથી મોટી કેપેસિટીની પેટ્રોલિયમ રીફાઇનરી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝજામનગર, ભારતના મોટામાં મોટો સોડા એશનો પ્લાન્ટમાં સૌથી વધુ સોલ્ટનું ઉત્પાદન થાય છે. આ સિવાય કેમિકલને લગતાં અનેક નવા ઉદ્યોગો પણ આવી રહ્યાં છે.

# ૭-૭ રાઉન્ડ પછી પણ આઈ.આઈ.ટી.ની સીટો ખાલી!!

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 46 | 217 | National Institute of Technology Sikkim | 4109 | Civil Engineering | SC | HS | 2 |
| 47 | 217 | National Institute of Technology Sikkim | 4109 | Civil Engineering | ST | HS | 1 |
| 48 | 217 | National Institute of Technology Sikkim | 4110 | Computer Science and Engineering | SC | HS | 2 |
| 49 | 217 | National Institute of Technology Sikkim | 4110 | Computer Science and Engineering | ST | HS | 2 |
| 50 | 217 | National Institute of Technology Sikkim | 4114 | Electronics and Communication Engineering | OP | HS | 12 |
| 51 | 217 | National Institute of Technology Sikkim | 4114 | Electronics and Communication Engineering | SC | HS | 3 |
| 52 | 217 | National Institute of Technology Sikkim | 4114 | Electronics and Communication Engineering | ST | HS | 1 |
| 53 | 217 | National Institute of Technology Sikkim | 4125 | Mechanical Engineering | OP | HS | 10 |
| 54 | 217 | National Institute of Technology Sikkim | 4125 | Mechanical Engineering | SC | HS | 2 |
| 55 | 217 | National Institute of Technology Sikkim | 4125 | Mechanical Engineering | ST | HS | 1 |
| 56 | 217 | National Institute of Technology Sikkim | 4144 | Electrical and Electronics Engineering | OP | HS | 9 |
| 57 | 217 | National Institute of Technology Sikkim | 4144 | Electrical and Electronics Engineering | SC | HS | 4 |
| 58 | 217 | National Institute of Technology Sikkim | 4144 | Electrical and Electronics Engineering | ST | HS | 2 |
| 59 | 218 | National Institute of Technology Arunachal Pradesh | 4104 | Bio Technology | ST | HS | 6 |
| 60 | 218 | National Institute of Technology Arunachal Pradesh | 4107 | Chemical Engineering | ST | HS | 9 |
| 61 | 218 | National Institute of Technology Arunachal Pradesh | 4110 | Computer Science and Engineering | ST | HS | 7 |
| 62 | 218 | National Institute of Technology Arunachal Pradesh | 4111 | Electrical Engineering | ST | HS | 5 |
| 63 | 218 | National Institute of Technology Arunachal Pradesh | 4114 | Electronics and Communication Engineering | ST | HS | 10 |
| 64 | 218 | National Institute of Technology Arunachal Pradesh | 4125 | Mechanical Engineering | ST | HS | 5 |
| 65 | 220 | National Institute of Technology, Kurukshetra | 4109 | Civil Engineering | ST | HS | 1 |
| 66 | 220 | National Institute of Technology, Kurukshetra | 4111 | Electrical Engineering | ST | HS | 4 |
| 67 | 220 | National Institute of Technology, Kurukshetra | 4114 | Electronics and Communication Engineering | ST | HS | 6 |
| 68 | 220 | National Institute of Technology, Kurukshetra | 4125 | Mechanical Engineering | ST | HS | 2 |
| 69 | 220 | National Institute of Technology, Kurukshetra | 4136 | Production and Industrial Engineering | ST | HS | 3 |
| 70 | 220 | National Institute of Technology, Kurukshetra | 4146 | Information Technology | ST | HS | 3 |
| 71 | 221 | National Institute of Technology, Manipur | 4110 | Computer Science and Engineering | OP | HS | 9 |
| 72 | 221 | National Institute of Technology, Manipur | 4110 | Computer Science and Engineering | SC | HS | 1 |
| 73 | 221 | National Institute of Technology, Manipur | 4110 | Computer Science and Engineering | ST | HS | 9 |
| 74 | 221 | National Institute of Technology, Manipur | 4111 | Electrical Engineering | ST | HS | 5 |
| 75 | 221 | National Institute of Technology, Manipur | 4114 | Electronics and Communication Engineering | OP | HS | 4 |
| 76 | 221 | National Institute of Technology, Manipur | 4114 | Electronics and Communication Engineering | ST | HS | 5 |
| 77 | 221 | National Institute of Technology, Manipur | 4125 | Mechanical Engineering | OP | HS | 5 |
| 78 | 221 | National Institute of Technology, Manipur | 4125 | Mechanical Engineering | ST | HS | 5 |
| 79 | 222 | National Institute of Technology, Mizoram | 4109 | Civil Engineering | OP | HS | 9 |
| 80 | 222 | National Institute of Technology, Mizoram | 4109 | Civil Engineering | SC | HS | 2 |
| 81 | 222 | National Institute of Technology, Mizoram | 4109 | Civil Engineering | ST | HS | 2 |
| 82 | 222 | National Institute of Technology, Mizoram | 4110 | Computer Science and Engineering | OP | HS | 8 |
| 83 | 222 | National Institute of Technology, Mizoram | 4110 | Computer Science and Engineering | SC | HS | 2 |
| 84 | 222 | National Institute of Technology, Mizoram | 4110 | Computer Science and Engineering | ST | HS | 1 |
| 85 | 222 | National Institute of Technology, Mizoram | 4114 | Electronics and Communication Engineering | OP | HS | 11 |
| 86 | 222 | National Institute of Technology, Mizoram | 4114 | Electronics and Communication Engineering | SC | HS | 2 |
| 87 | 222 | National Institute of Technology, Mizoram | 4114 | Electronics and Communication Engineering | ST | HS | 1 |
| 88 | 222 | National Institute of Technology, Mizoram | 4125 | Mechanical Engineering | OP | HS | 9 |
| 89 | 222 | National Institute of Technology, Mizoram | 4125 | Mechanical Engineering | SC | HS | 2 |
| 90 | 222 | National Institute of Technology, Mizoram | 4125 | Mechanical Engineering | ST | HS | 1 |
| 91 | 222 | National Institute of Technology, Mizoram | 4144 | Electrical and Electronics Engineering | OP | HS | 11 |
| 92 | 222 | National Institute of Technology, Mizoram | 4144 | Electrical and Electronics Engineering | SC | HS | 2 |
| 93 | 222 | National Institute of Technology, Mizoram | 4144 | Electrical and Electronics Engineering | ST | HS | 1 |
| 94 | 225 | National Institute of Technology, Srinagar | 4127 | Metallurgical and Materials Engineering | SC | HS | 5 |

## B.Arch -Status of Vacant Seats After First Round Confirmation

- Vacant seats does not include Institute non-reportee seats

| Inst_Code | Inst_Name | ACPC Seats | First Round Allotted Seats | Admission Confirmed in First Round | Vacant Seats |
|---|---|---|---|---|---|
| 101 | Department of Architecture,Faculty of technology & Engineering,The M.S.University of Baroda | 39 | 39 | 37 | 2 |
| 102 | Faculty of Architecture,CEPT University | 40 | 40 | 34 | 6 |
| 103 | D.C.Patel School of Architecture, Arvindbhai Patel Institute of Environmental Design | 60 | 60 | 42 | 18 |
| 104 | AAERT & SSB, Faculty of Architecture,Sarvajanic college of Engineering & Technology | 60 | 60 | 56 | 4 |
| 105 | Sardar Vallabhbhai Patel Institute of technology | 30 | 30 | 26 | 4 |
| 106 | Vyavasayi Vidya Pratishthan`s Indubhai Parekh School of Architecture (IPSA) | 51 | 51 | 44 | 7 |
| 107 | School of Architecture, Vadodara Design Academy | 40 | 40 | 16 | 24 |
| 108 | Institute of Architecture, Hemchandracharya North Gujarat University | 20 | 20 | 13 | 7 |
| 109 | Shri Gijubhai Chhaganbhai Patel Institute of Architecture, Interior Design and Fine Arts,Veer Narmad South Gujarat University | 30 | 30 | 24 | 6 |
| 111 | School of Architecture, Anant National University | 68 | 68 | 49 | 19 |
| 112 | School of Environment, Design and Architecture,Navrachana University | 30 | 30 | 24 | 6 |
| 113 | Parul Institute of Architecture and Research, Parul University | 60 | 60 | 30 | 30 |
| 114 | ITM School of Architecture Art and Design | 80 | 80 | 60 | 20 |
| 115 | Shantaben Manubhai Patel School of Studies and Research in Architecture and Interior Design | 40 | 40 | 29 | 11 |
| 116 | Institute of Design, Environment & Architecture,Indus University | 30 | 30 | 16 | 14 |
| 117 | Bhagwan Mahavir College of Architecture | 60 | 60 | 44 | 16 |
| 118 | L.J.School of Architecture | 17 | 17 | 15 | 2 |
| 119 | Raman Bhakta School of Architecture, Maliba Campus, UKA Tarsadi University | 80 | 80 | 62 | 18 |
| 120 | Institute of Architecture and Planning, Nirma University, A'bad | 40 | 40 | 31 | 9 |
| 121 | Laxmi Institute of Architecture, Laxmi Vidyapith | 23 | 10 | 8 | 15 |
| 122 | Kalol Institute of Architecture & Design, Kalol | 60 | 48 | 23 | 37 |
| 123 | Venus Institute of Design & Architecture, Swarnim Startup Uni. | 30 | 30 | 20 | 10 |
| 124 | Sal School of Architecture, Ahmedabad | 72 | 72 | 47 | 25 |
| 125 | Institute of Architecture, Ganpat University | 30 | 30 | 19 | 11 |
| 127 | Vidyamandir College of Architecture, Women | 30 | 30 | 23 | 7 |
| 128 | Marwadi Education Foundation Group of Institution, Faculty of Architecture | 40 | 40 | 23 | 17 |
| 129 | Gokul College of Architecture & Design | 30 | 1 | | 30 |
| 130 | Nobel Architecture College | 40 | 9 | 5 | 35 |
| 131 | Mudra Takshashila Institute of Design and Architecture | 40 | 27 | 12 | 28 |
| 132 | Alpha College of Architecture studies | 30 | 30 | 15 | 15 |
| 133 | Mahavir Swami College of Architecture | 30 | 8 | 6 | 24 |
| 134 | P. P. Savani School of Architecture | 40 | 40 | 35 | 5 |
| | | 1370 | 1250 | 888 | 482 |

## એઈમ્સ અધ્ધરતાલ

સાંધણ પાના નં.૧ નું

આચારસંહિતા લાગુ થશે અને તે દરમિયાનમાં ભારત સરકાર કોઈપણ પ્રકારની આવી કોઈ જાહેરાતને અમલમાં મૂકી નહીં શકે એવી પરિસ્થિતિમાં હવે, ભારત સરકાર પાસે ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓકટોબર સુધીનો જ સમય બાકી છે. ગુજરાતમાં અઈઈખજ માટે ક્યા સ્થળો પસંદ કરાયા ? ગુજરાત સરકારે એઈમ્સની સ્થાપના માટે ભારત સરકારને ૪ સ્થળોની યાદી મોકલાવી,(૧) ચોકારી ગામ અને પવડા ગામ, પાદરાતાલુકો, જિલ્લો વડોદરા(૨) ખિરાસરા (રનમલજી)ગામ, લોધિકાતાલુકો, જિલ્લોરાજકોટ (૩) ખંધેરીગામ, પડધરીતાલુકો, જિલ્લોરાજકોટ(૪) પારા પિપલિયા, રાજકોટતાલુકો, જિલ્લોરાજકોટ ભારત સરકારે કેટલી નવી એઈમ્સ માટે મંજૂરી આપી ? વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષ સ્થાને મળેલા મંત્રીમંડળે દેશના ૧૩ રાજયોમાં નવી એઈમ્સની સ્થાપના માટે મંજૂરી આપી છે. જેમાં ગુજરાત, રાયબરેલી ઉત્તરપ્રદેશ, ગોરખપુરઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ, પંજાબ, મહારાષ્ટ્ર, આસામ, જમ્મુકાશ્મીરમાં બે, હિમાચલ પ્રદેશ, બિહાર, તામિલનાડુ, ઝારખંડ જેવા રાજયોનો સમાવેશ કરાયો છે. કયાં રાજયોએ એઈમ્સ માટે દરખાસ્ત મોકલાવી છે ? ગુજરાત, આંધ્રપ્રદેશ, કેરળ, તામિલનાડુ, તેલંગાના, કર્ણાટક, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ, પશ્ચિમ બંગાળ, અરુણાચલ પ્રદેશ, આસામ, ગોવા, હરિયાણા, હિમાચલપ્રદેશ, જમ્મુકાશ્મીર, ઝારખંડ જેવા દેશના ૧૭ રાજયોએ સ્થળની પસંદગી કરીને તેમના રાજયોમાં નવી એઈમ્સની સ્થાપના કરવા માટે ભારત સરકારને દરખાસ્ત મોકલી આપી છે. હાલમાં ક્યાં એઈમ્સ કાર્યરત છે ? પટના (બિહાર), રાયપુર (છત્તીસગઢ), ભોપાલ (મધ્યપ્રદેશ) ભુવનેશ્વર (ઓરિસ્સા), જોધપુર (રાજસ્થાન) ઋષિકેશ (ઉત્તરાખંડ) જેવા દેશના છ રાજયોમાં ભારત સરકારના ૧૦૦ ટકા ખર્ચે સંચાલિત એઈમ્સ કાર્યરત છે.

## વેટરનરી કોલેજોને કૃષિ યુનિ.માંથી દૂર કરી કામધેનુ યુનિ.માં સામેલ કરાશે!

સાંધણ પાના નં.૧ નું

તે કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ પોતે વેટરનરી કે કૃષિ યુનિવર્સિટીનો અભ્યાસ કર્યો નથી. આમછતાં તેમના દ્વારા સરકારને વેટરનરી કોલેજોને કામધેનુ યુનિવર્સિટીમાં સામેલ કરી દેવાની ભલામણ કરવામાં આવી છે. વેટરનરી બાદ અન્ય કોલેજો જતાં કૃષિ યુનિવર્સિટી પાસે કશુ રહેશે નહી ! કૃષિ યુનિવર્સિટીના સૂત્રો કહે છે હાલ તો કામધેનુ યુનિવર્સિટીમાં વેટરનરી કોલેજોને ટ્રાન્સફર કરવાની ભલામણ કરવામાં આવી છે. આગામી દિવસોમાં ડેરી સાયન્સ, બાગાયતી કોલેજ, ફીઝરીઝ કોલેજ વગેરેને પણ કામધેનુ યુનિવર્સિટીમાં ટ્રાન્સફર કરવાની માંગણી કરવામાં આવે અને સરકાર દ્વારા કામધેનુ યુનિવર્સિટીને ઉત્તેજના આપવાના નામે આ ભલામણો સ્વીકારી લેવામાં આવે તો રાજયની ચાર મોટી કૃષિ યુનિવર્સિટી બંધ કરવી પડે તેવી સ્થિતિ ઉભી થશે. સ્પોર્ટસ, એજયુકેશન, ચિલ્ડ્રન, યોગ યુનિવર્સિટી જેવા હાલ કામધેનુ યુનિવર્સિટીના થશે ! કૃષિ યુનિવર્સિટીના અધ્યાપકો કહે છે રાજયમાં અગાઉ સ્પોર્ટસ યુનિવર્સિટી, એજયુકેશન યુનિવર્સિટી, ચિલ્ડ્રન યુનિવર્સિટી અને યોગ યુનિવર્સિટીઓ પણ શરૂ કરવામાં આવી છે. હાલમાં આ તમામ યુનિવર્સિટીઓની સ્થિતિ શુ છે તે તમામ જાણે છે. કામધેનુ યુનિવર્સિટીની પરિસ્થિતિ પણ આ તમામ યુનિવર્સિટીઓ જેવી જ થાય તેમ છે. સૂત્રો કહે છે આ તમામ યુનિવર્સિટીઓ પૈકી મોટીભાગની યુનિવર્સિટીઓમાં લાગતાવળગતાંઓને ગોઠવી દેવા સિવાય કોઈ વિશેષ કામગીરી થતી નથી.

# INDIAN NAVY

## INVITES UNMARRIED MEN AND WOMEN TO JOIN THE INDIAN NAVY AS SHORT SERVICE COMMISSION OFFICER AS PILOT/OBSERVER/ AIR TRAFFIC CONTROLLER FOR THE COURSE COMMENCING JUL 2018







**DATE OF OPENING 26 AUG 2017** **LAST DATE FOR ONLINE APPLICATION- 16 SEP 2017**

1. Applications are invited from unmarried eligible male & female candidates for Short Service Commission (SSC) in Pilot/Observer/ATC entry of the Indian Navy for course commencing Jul 2018 at the Indian Naval Academy Ezhimala, Kerala. Candidates must fulfil condition of Nationality as laid down by the Govt. of India.

**ELIGIBILITY CONDITIONS**

2. **Age & Educational Qualifications**.

(a) **Who can Apply**. Candidates who have passed Engineering Degree or are in the final year of Engineering Course in any discipline from a recognised university / educational institute with at least 60% marks till $5^{th}$ / $7^{th}$ semester, in regular / integrated course respectively. For ATC entry, additionally the candidate must have 60% aggregate marks in class X and XII and minimum 60% marks in English in class XII.

(b) **Call up for SSB**. Candidates will be issued call up for Service Selection Board (SSB) interviews based on their academic performance.

(c) **Minimum %age on joining INA**. The candidates will, however, be required to pass final examination (BE/B Tech) / Integrated Course with minimum 60% marks. The candidates failing to meet minimum %age in BE/B.Tech Degree / Integrated Course will not be permitted to join INA Ezhimala.

(d)

| Ser No | Entry | Age | Vacancy | Gender |
|---|---|---|---|---|
| (i) | ATC | Born between **02 Jul 1993** and **01 Jul 1997**; both dates inclusive. | 05 | Male or Female |
| (ii) | Observer | Born between **02 Jul 1994** and **01 Jul 1999**; both dates inclusive. | 04 | Male or Female |
| (iii) | Pilot | Born between **02 Jul 1994** and **01 Jul 1999**; both dates inclusive. | 08 (of which maximum of **02** vacancies may be tenanted by female candidates) | Male or Female (Female candidates are eligible to apply for Maritime Reconnaissance (MR) stream only, hence a maximum of **02** female candidates will only be inducted subject to they being in SSB Merit) |

**Commercial Pilot License (CPL) Holders** having valid and current CPL issued by DGCA (India) and born between **02 Jul 1993 and 01 Jul 1999** (both dates inclusive) can apply for Pilot entry as per stipulations against Pilot Stream stated at Para 2(d) (iii) above.

**Note**: -
(i) Only one application is to be filled by a candidate.
(ii) Candidates who are eligible for more than one branch/cadre should mention their preference in the application.
(iii) Candidates will be shortlisted for SSB based on their first preference.
(iv) However, if not shortlisted for the first preference you may be considered for alternate branch/cadre subject to availability of spare slots in SSB batches of that branch/cadre.
(v) Once shortlisted for a branch/cadre subsequent stage of selection process (SSB, Medical & Merit List) will be exclusively for the branch/cadre only.

3. **MEDICAL STANDARDS**

| Ser | Branch/ Cadre | Eye Sight | Height & Weight |
|---|---|---|---|
| (a) | Pilot / Observer | Distant Vision 6/6, 6/9 Correctable to 6/6, 6/6 Should not be colour blind/night blind | 162.5 cms With correlated weight, leg length, sitting height and thigh length. |
| (b) | ATC | Distant Vision 6/9, 6/9 Correctable to 6/6, 6/6 Should not be colour blind/night blind | Male – 157 cms Female – 152 cms With correlated weight, as per age and height. |

(c) **Tattoo.** Permanent body tattoos are not permitted on any part of the body, however, certain concessions are permitted to candidates belonging to tribal areas communities as declared by the Government of India. For other candidates permanent body tattoos are only permitted on inner face of forearms i.e. from inside of elbow to wrist and on the reverse side of palm/back (dorsal) side of hand. Details in this regard are available on the naval recruitment website: **www. joinindiannavy.gov.in**

**Note**: - (i) All candidates recommended by SSB will have to undergo medicals as per extant rules. (ii) There will be no relaxation in Medical Standards.

**THE NAVY OFFERS YOU**

4. **Pay Scale & Promotions**. The promotion from Sub Lieutenant to Commander is on time scale basis subject to completion of mandatory courses, sea time & medical conditions. The Pay Scale and promotion criteria as per $7^{th}$ CPC is as follows:-

| RANK | PAY AS PER DEFENCE MATRIX | LEVEL | MSP |
|---|---|---|---|
| SUB LIEUTENANT (S Lt) | 56100-110700 | 10 | 15500 |
| LIEUTENANT (Lt) | 61300-120900 | 10B | 15500 |
| LIEUTENANT CDR (Lt Cdr) | 69400-136900 | 11 | 15500 |
| COMMANDER (Cdr) | 121200-212400 | 12A | 15500 |

5. **Privileges**. Navy provides Free Medical Facilities for Self & Dependents, Canteen Facilities, Mess/Club/Sports Facilities, Furnished Govt. Accommodation, Car/Housing Loan at subsidised rate.

6. **Group Insurance & Gratuity**. Insurance cover of Rs. 82 lakhs for pilot/ Observer and Rs 75 lakhs for ATC (on contribution) and gratuity will be granted to an officer as per the latest rules in force. (Being revised as per $7^{th}$ CPC).

7. **Leave Entitlements**. On Commission, officers are entitled to 60 days annual and 20 days casual leave every year (subject to service exigencies). Leave during training period will be as per the extant Training policy in force. They are also entitled for 40% rail concession to any place and free travel (as per extant rules) for self and dependents.

8. **Sports & Adventure**. The Navy provides facilities to play various sports. One can also learn and participate in adventure sports such as river rafting, mountaineering, hot air ballooning, hand gliding, wind surfing etc.

**SHORT SERVICE COMMISSION**

9. (a) **For Pilot & Observer entry**. Short Service Commission is granted for a term of 14 years. No extension will be given beyond 14 years.

(b) **For ATC**. Short Service Commission is granted initially for 10 years extendable by maximum 04 years in 02 terms (02 years + 02 years) subject to service requirements, medical eligibility, performance and willingness of candidates. No extension will be given beyond 14 years.

(c) Officers inducted under these schemes will not be given extension beyond fourteen years and will not be eligible for Permanent Commission.

10. **Duties of Officer**. Please visit website www.joinindiannavy.gov.in for information on duties of officers for respective branches/cadre.

**SELECTION PROCEDURE**

11. (a) SSB interviews for short-listed candidates will be scheduled from Dec 17 to Mar 18 at Bangalore for pilot & observer, SSB interviews for ATC will be scheduled at Bangalore/Bhopal/Coimbatore/Visakhapatnam. Shortlisted candidates will be informed about their selection for SSB interview on their e-mail or through SMS (provided by candidate in their application form).

(b) The total duration of SSB interviews is five days consisting of stage I (Day one) and stage II (Four days). Stage I Tests; consist of Intelligence Tests, Picture Perception and Group Discussion Tests. Candidates who fail to qualify in Stage I will be sent back on the same day from SSB Centre. Stage II Tests consists of Psychological Tests, Group Task Tests and Interview. Successful candidates will undergo medical examination (approx 3-5 days). Candidates of Pilot entry are also required to undergo PABT (Pilot aptitude battery test) followed by Aviation medical examination. Candidates of Observer entry are also required to undergo Aviation medical examination.

(c) Candidates recommended by the SSBs, cleared PABT (for Pilot Entry) and declared medically fit will be appointed for training based on merit list and depending on the number of vacancies available.

(d), Ministry of Defence (Navy) reserves the right to short-list applications and to fix cut off percentage. No communication will be entertained on this account.

(e) Any correspondence regarding change of SSB dates be addressed to the President of the SSB on receipt of call up letter.

(f) Change of SSB Centre for interview is not permissible under any circumstances.

(g) No compensation will be paid in respect of any injury sustained to a candidate during SSB tests.

(h) Return First Class (AC III Tier/AC Chair Car) rail fare is admissible for the SSB interview, if appearing for the first time for this Commission on production of railway ticket. Candidates will carry photocopy of the first page of pass book or cheque leaf where the name, A/C No & IFSC details are mentioned, while appearing for SSB.

**Training**.

12. Candidates will be inducted as officers in the rank of Sub Lt. The training is tentatively scheduled to commence in the month of end Jun 2018 at Indian Naval Academy (INA), Ezhimala. Full pay and allowances are admissible to the officers whilst under training.

13. **Pilot Entry**. Pilot candidates will undergo 22 weeks of Naval Orientation Course (NOC) at INA, Ezhimala followed by Stage I and Stage II flying training at the Air Force/Naval Establishment. On successful completion of training, the candidates will be awarded **wings**. The candidates will be entitled for flying pay and allowances only after award of wings.

14. **Observer Entry**. Observer candidates will undergo 22 weeks of Naval orientation course (NOC) at INA, Ezhimala. On completion of NOC the candidates will undergo SLT(X) Tech course followed by ab-initio training at Observer School. On successful completion of training at Observer School, the candidates will be awarded **Observer wings**. The candidates will be entitled for flying pay and allowances only after award of wings.

15. **ATC Entry** Candidates will undergo 22 weeks of Naval Orientation Course at the Indian Naval Academy, Ezhimala, Kerala followed by professional training at Air Force Academy and at various Naval Training Establishments/Units/Ships.

**Note**: - (a) Only unmarried candidates are eligible to undergo training. A candidate who is found to be married or marries while under training will be discharged and shall be liable to refund full pay and allowances drawn by him/her and other expenditure incurred on the candidate by the Government.

(b) They will be on probation for a period of two years which will commence from the grant of the rank of Sub Lt and will terminate after two years or on completion of their initial training (whichever is later). During probation they are liable to be discharged if their performance is unsatisfactory on professional/ medical/ disciplinary grounds.

(c) If an officer voluntarily withdraws from initial/ professional training, or resigns during the probationary period, he/she shall be required to refund the cost of training in whole or in part, as may be determined by the Govt, and all money received by him/her as pay and allowances from the Govt. together with the interest on the said money calculated at the rate enforced for Govt. loans.

**How to Apply**

16. Candidates are to register and fill application on the recruitment website www.joinindiannavy.gov.in. The candidates are to apply from **26 Aug 17 to 16 Sep 17**.

17. **Online (e-application)**:- Whilst filling up the e-application, it is advisable to keep the relevant documents readily available to enable the following:-

(a) Correct filling up of personal particulars. Details are to be filled up as given in the Matriculation Certificate.

(b) Fields such as e-mail address, mobile number are mandatory and need to be filled.

(c) All relevant documents (preferably in original) (mark-sheets upto $5^{th}$ & $7^{th}$ semester for regular & integrated course respectively, date of birth proof as per $10^{th}$ or $12^{th}$, CGPA conversion formula for BE/B.Tech) / Integrated Course and a recent passport size colour photograph should be scanned in original in JPG/FITT format for attaching the same while filling up the application. If any scanned document is not legible/ readable for any reason, the application will be rejected.

(d) Print one copy of online application form. Candidates will carry application form and original certificates/documents while appearing for SSB interview.

**IMPORTANT** - Please read the instructions given on the website carefully before submitting your 'e-application'

**Note**: - **Your application is subject to subsequent scrutiny and the application can be rejected, if found INELIGIBLE/INVALID at any point of time.**

**The terms and conditions given in this advertisements are subject to change and should therefore be treated as guidelines only**

**Details are also available on website: www.joinindian navy.gov.in**

Scan this QR code to apply online

इस विज्ञापन का हिन्दी रूपान्तर वैबसाइट (www.joinindiannavy.gov.in) पर उपलब्ध है।

davp/10701/11/0028/1718

# ભૂલકાભવન સ્કુલના ત્રણ વિદ્યાર્થીઓએ આઇઆઇટીમાં પ્રવેશ મેળવ્યા

ગુજરાત બોર્ડની પરીક્ષાઓમાં સૌથી વધુ રેન્કર્સ સ્ટુડન્ટ આપવાનો ઇતિહાસ ધરાવતી સુરતના અડાજણ વિસ્તારમાં આવેલી ભૂલકાભવન સ્કુલમાંથી ધો.૧૨ સાયન્સ પાસ કરનાર ત્રણ વિદ્યાર્થીઓને તાજેતરમાં ચાલુ વર્ષ માટે જોસા સત્તામંડળ દ્વારા હાથ ધરવામાં આવેલી આઇ.આઇ.ટી.માં પ્રવેશ કાર્યવાહીમાં જુદી જુદી આઇ.આઇ.ટી.માં પ્રવેશ મળ્યો છે. સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી ભૂલકાભવન એકમાત્ર સ્કુલ એવી છે કે જેના એક સાથે ત્રણ ત્રણ વિદ્યાર્થીઓ કોઇ એક વર્ષમાં આઇ.આઇ.ટી.માં પ્રવેશ પાત્ર બન્યા હોય. આ ત્રણ વિદ્યાર્થીઓમાં ડેનિલ મહેતા કે જેને આઇ.આઇ.ટી. મુંબઇ ખાતે મિકેનિકલ એન્જિનિયરિંગમાં પ્રવેશ મળ્યો છે, આર્જવ મોદી નામના વિદ્યાર્થીને આઇ.આઇ.ટી. કાનપુરમાં મિકેનિકલ એન્જિનિયરિંગમાં અને જેનિશ ચૌહાણને આઇ.આઇ.ટી. ગાંધીનગરમાં ઇલેક્ટ્રોનિક્સ બ્રાન્ચમાં પ્રવેશ મળ્યો છે. સંસ્થાના ટ્રસ્ટી શ્રીમતી મિનાક્ષીબેન દેસાઇ, સોનલબેન દેસાઇ તેમજ આચાર્ય વિજયભાઇએ તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી છે.

# કલા ઉત્સાવમાં સંસ્કાર ભારતી વિદ્યાલયનું નાટક એક મુલાકાત મહાત્મા સાથે વિજેતા



રાંદેર રોડ તાડવાડી સ્થિત સંસ્કારભારતી વિદ્યાલયના વિદ્યાર્થીઓ અભિનિત અને તૃપ્તિ ઉપાધ્યાય દિગ્દર્શિત નાટક એક મુલાકાત મહાત્મા સાથે એ તાજેતરમાં યોજાયેલા જિલ્લા કક્ષાના કલાઉત્સવમાં વિજેતા નિવડ્યું હતું. સંસ્કારભારતી વિદ્યાલયના બાળ નાટ્ય કલાકારોના અભિનયને શ્રોતાઓએ ખૂબ જ વખાણ્યો હતો. સંસ્થામાં પોતાની કૃતિ વિજેતા નિવડ્યા બાદ સંસ્કારભારતી વિદ્યાલયના ક્રૂ મેમ્બર્સ ખુશખુશાલ જણાતા હતા.

# ડીપીએસ સુરતમાં લિડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ




શહેરના ડુમસ રોડ પર આવેલી દિલ્હી પબ્લિક સ્કુલ, સુરત ખાતે વિતેલા પખવાડિયા દરમિયાન એમ.યુ.એન ૨૦૧૭ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક ઉપરાંત બાહ્ય સ્કીલ્સ જેમકે લિડરશીપ, રચનાત્મક અભિગમ, કમ્યુનિકેશન્સ સ્કીલ, સ્ટ્રેસ મેનેજમેન્ટ, ટાર્ગેટ એચિવમેન્ટસ વગેરે વિષયોનું જ્ઞાન તેમજ વિકાસ થાય તે હેતુથી દર વર્ષે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ છે. આવર્ષે પણ શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર આ કાર્યક્રમમમાં ભાગ લીધો હતો.

# જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિજ્ઞાન પ્રદર્શન



ગુજરાત સરકાર હસ્તકના ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર પ્રાયોજિત જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, સુરત દ્વારા ધ્વારા સમગ્ર જિલ્લામાં વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રસાર અને પ્રચારને લગતા અનેકવિધ કાર્યક્રમો/પ્રવૃત્તિઓ સ્પર્ધાઓ વગેરે પ્રાથ./મધ્ય.શાળાકક્ષાએ યોજવામાં આવે છે. મુખ્યત્વે શાળા કક્ષાએ બાળકોને વિજ્ઞાન વિષય સબંધિત વિવિધ સ્પર્ધાઓ, વૈજ્ઞાનિક દિવસની ઉજવણી અને વિજ્ઞાનગણિતને લગતા પ્રયોગો/વર્કશોપ, વિજ્ઞાનપર્યાવરણલક્ષી મેળાઓ, શિક્ષકોની તાલીમ વર્કશોપ વગેરે યોજાય છે.

તાજેતરમાંજ સાર્વજનિક એજયુકેશન સોસાયટી દ્વારા એક્ષપરીમેન્ટલ સ્કૂલમાં વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ વિષય પર તા.૧૯-૨૦ ઓગસ્ટ-૨૦૧૭ ત્રણ દિવસ માટે વિજ્ઞાન મેળો યોજાઇ ગયો, તેમાં ૬૦ જેટલી શાળા તરફથી ૧૬૧ પ્રોજેક્ટસ બાળકો દ્વરા પ્રસ્તૃત કરવામાં આવેલ, આ ઉપરાંત જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવેલ, તેમાં વિજ્ઞાનના સિધાંતો સરલાતાથી બાળકો સમજી શકે તેવા વર્કિંગ મોડેલ્સનું પ્રદર્શન રાખવામાં આવેલ, તે મોટી સંખ્યામાં બાળકો/શિક્ષકો/વાલીઓએ નિહાળ્યું હતું, સાથે સાથે આયોજકો દ્વારા સાયન્સ ક્વીઝ/વકૃત્વ સ્પર્ધાઓ અને પર્યાવરણ જાગૃતી માટે નેચર ક્લબ દ્વારા આપણા જળ સ્ત્રોતો અને સ્નેક શોનું પણ આયોજન કરવામાં આવેલ, ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્રો અને વિજેતાઓને શિલ્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

# આશાદીપ ૪ સંકુલમાં સાયન્સ ફેરને શાળાની શિક્ષિકા બહેનોએ ખુલ્લો મૂક્યો



આશાદીપ સ્કુલ ન.૪ ખાતે વિતેલા સપ્તાહ દરમિયાન સાયન્સ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફેરનું ઉદઘાટન શાળાની શિક્ષિકા બહેનોના હસ્તે કરાવવામાં આવ્યું હતું. શાળાના સંચાલક શ્રી શૈલેષભાઇ રામાણીના જણાવ્યા અનુસાર વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ તો લીધો જ હતો પરંતુ, તેમણે તૈયાર કરેલી પ્રાયોગિક કૃતિઓ તેમજ વર્કિંગ મોડેલ દંગ પમાડે તેવા હતા. વિદ્યાર્થીઓની પ્રતિભાને બહાર લાવવા માટેનો આ એક સફળ પ્રયાસ હતો.

# એલ.પી.સવાણી અડાજણના ભૂલકાઓ માટે ફુડ એન્ડ ન્યુટ્રીશન ડે યોજાયો



શહેરના અડાજણ રોડ પર આવેલા એલ.પી.સવાણી વિદ્યાભવન ગુજરાતી માધ્યમના બાળભવનના વિદ્યાર્થીઓ માટે વિતેલા પખવાડિયા દરમિયાન ફૂડ એન્ડ ન્યુટ્રીશન ડે યોજવામાં આવ્યો હતો. આ દિવસે વિદ્યાર્થીઓને તેમના લંચબોક્સમાં ફ્રુટસ, નટ્સ તેમજ અન્ય એવા ખાદ્યપદાર્થો લઇને આવવા માટે કહેવાયું હતું જે શારીરીક રીતે જરૂરી છે. વિદ્યાર્થીઓને ફૂડ એન્ડ ન્યુટ્રીશન ડે વિશેનું મહત્વ પણ સમજાવવામાં આવ્યું હતું.

# વાઇબ્રન્ટ ઇન્ટરનેશનલ સ્કુલમાં ડો. દિપક રાજ્યગુરુના સાનિધ્યે વૃક્ષારોપણ કાર્યક્રમ



શહેરના ઓલપાડ રોડ પર આવેલી વાઇબ્રન્ટ ઇન્ટરનેશનલ સ્કુલમાં સંસ્થાના પ્રેસિડેન્ટ શ્રી દિપકભાઇ રાજ્યગુરુના સાનિધ્યમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# જી.ડી.ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કુલમાં કલર્સ ઓફ લાઇફ એન્યુઅલ ફંકશન



શહેરની જી.ડી.ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કુલમાં વિતેલા પખવાડીયા દરમિયાન સંસ્થાના મિડલ સેકશનના વિદ્યાર્થીઓ માટે કલર્સ ઓફ લાઇફ થીમ પર આધારિત એન્યુઅલ ફંકશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેમના પાલ્યોની પ્રતિભાને નિહાળી હતી. વિદ્યાર્થીઓએ એક એકથી ચઢીયાતી કૃતિઓ રજૂ કરી હતી.

# એવોર્ડ વિજેતા શિક્ષકો

**રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા અમલી 'રાજય પારિતોષિક યોજના અંતર્ગત રાજય પારિતોષિક-૨૦૧૭ જાહેર કરાયા છે. જેમાં ૪૧ શિક્ષકોની પસંદગી કરાઈ છે. શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહે એવોર્ડ માટે પસંદગી પામેલા શ્રેષ્ઠ શિક્ષકોને અભિનંદન પાઠવતાં તેમના બહોળા અને વિશિષ્ટ શૈક્ષણિક જ્ઞાનનો લાભ વિશેષ રીતે વિદ્યાર્થીઓને આપવા અનુરોધ કર્યો હતો. તેમણે 'શ્રેષ્ઠ શિક્ષકોને શુભકામનાઓ પાઠવી હતી. શ્રેષ્ઠ શિક્ષકોને આ એવોર્ડ આગામી ૫મી સપ્ટેમ્બર૨૦૧૭ના રોજ રાજયપાલના હસ્તે એનાયત કરાશે, એમ શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયું છે. રાજયના જે શિક્ષકોને એવોર્ડથી સન્માનીત કરાશે તેની યાદી આ મુજબ છે.**

### પ્રાથમિક વિભાગ

| ક્રમ | જિલ્લા | શિક્ષકનું નામ | શાળાનું નામ અને સરનામું |
|---|---|---|---|
| ૧. | રાજકોટ | પૂજાબેન પ્રવિણભાઈ પૈજા | શ્રી ધરમપુર પ્રાથમિક શાળા, તા.પડધરી, જિ.રાજકોટ |
| ૨. | રાજકોટ | મનિષકુમાર ચંદુલાલ જાવિયા | શ્રી વડાળી પ્રાથમિક શાળા મુ.વડાળી, તા.ઉપલેટા, જિ.રાજકોટ |
| ૩. | અમદાવાદ | મહેશ વાલજીભાઈ ઠક્કર | થલતેજ પ્રાથમિક શાળા નં.૧, થલતેજ, તા.દસક્રોઈ, જિ.અમદાવાદ |
| ૪. | ભાવનગર | ડૉ.બળવંતભાઈ માધાભાઈ તેજાણી | કરદેજ કેન્દ્રવર્તી શાળા, તા.જિ.ભાવનગર |
| ૫. | સુરત | યાસીનકુમાર અમીરભાઈ મુલતાની | કોસમાડી પ્રાથમિક શાળા, તા. કામરેજ, જિ.સુરત. |
| ૬. | અરવલ્લી | નટુભાઈ રામાભાઈ પટેલ | ટીસ્કી પ્રાથમિક શાળા, મુ.ટીસ્કી, તા.માલપુર, જિ.અરવલ્લી |
| ૭. | અરવલ્લી | વિનુભાઈ કચરાભાઈ પટેલ | શ્રી કુણોલ પ્રાથમિક શાળા, મુ.પો.કુણોલ, તા.મેઘરજ, જિ.અરવલ્લી |
| ૮. | ગીર સોમનાથ | દેવજીભાઈ ખોડભાઈ રાઠોડ | સેમળિયા પ્રાથમિક શાળા, પો.પિખોર, તા.તાલાલા, જિ.ગીરસોમનાથ |
| ૯. | મોરબી | જિતેન્દ્ર ઓધવજીભાઈ પાંચોટિયા | શ્રી નવા મકનસર પ્રાથમિક શાળા, મુ.મકનસર, તા.જિ. મોરબી. |
| ૧૦. | પંચમહાલ | રાકેશકુમાર ચંદ્રકાન્ત પટેલ | નવા નદીસર પ્રાથમિક શાળા, મુ.નવા નદીસર, પો.નદીસર, તા.ગોધરા જિ.પંચમહાલ |
| ૧૧. | દાહોદ | કોમલબેન એન. ઝાબુઆવાલા | દોલતગંજ કન્યા પ્રાથમિક શાળા, એમ.એન્ડ પી.સ્કૂલ સામે, ગોવિંદનગર, દાહોદ |
| ૧૨. | નર્મદા | અનિલભાઈ ખાતુભાઈ મકવાણા | પ્રાથમિક ગ્રૂપ શાળા બોરીદ્રા, મુ.પો.બોરીદ્રા, તા.નાંદોદ, જિ.નર્મદા |
| ૧૩. | પંચમહાલ | ભૂપેન્દ્રકુમાર શંભુભાઈ પટેલ | રામનાથ પ્રાથમિક શાળા, મુ.રામનાથ, પો.દેલોલ, તા.કાલોલ, જિ.પંચમહાલ |
| ૧૪. | વલસાડ | નરેન્દ્રકુમાર કલ્યાણભાઈ ટંડેલ | પ્રાથમિક શાળા ધનોલી, મુ.પો.ધનોલી, તા.ઉમરગામ, જિ.વલસાડ |
| ૧૫. | ગાંધીનગર | પ્રીતિ રૂપચંદ ગાંધી | કલોલ પ્રાથમિક શાળા નં.૯, આઈસ ફેક્ટરી પાસે, કલોલ, જિ.ગાંધીનગર |
| ૧૬. | અમરેલી | જીજ્ઞેશપુરી સુરેન્દ્રપુરી ગોસ્વામી | શ્રી ફાચરીયા પ્રાથમિક શાળા, મુ.ફાચરીયા, તા.ધારી, જિ.અમરેલી |
| ૧૭. | ભરૂચ | કમલેશકુમાર મહિપતસિંહ કોસમીઆ | શ્રી સરદારનગર પ્રાથમિક શાળા, વાલિયા, જિ.ભરૂચ |
| ૧૮. | પાટણ | હેતલબાળા જયકિશન પટેલ | કતપુર પ્રાથમિક શાળા, મુ.કતપુર, પો.રાજપુર, તા.જિ.પાટણ |
| ૧૯. | ખેડા | રાજેશભાઈ મોહનભાઈ મહીડા | પ્રાથમિક શાળા વિઠ્ઠલપુરા, પો.રતનપુર,તા.જિ. ખેડા |

## રાજય પારિતોષિક એવોર્ડ૨૦૧૭

### બી.આર.સી. / સી.આર.સી. / મદદનીશ શિક્ષણ નિરીક્ષક વિભાગ

| | | | |
|---|---|---|---|
| ૨૦. | રાજકોટ | ભગવાનદાસ જીવરામભાઈ દુધરેજિયા | બી.આર.સી.ભવન જસદણ, તાલુકા પંચાયતની પાછળ, વિંછીયા રોડ, જસદણ |
| ૨૧. | મોરબી | શૈલેષકુમાર જેઠાલાલ કાલરિયા | શ્રી ચકમપર પ્રાથમિક શાળા, મુ,ચકમપર, તા.જિ.મોરબી. |
| ૨૨. | પાટણ | મધુસુદનકુમાર ગણપતલાલ ઠક્કર | રાજપુર પ્રાથમિક શાળા, મુ.પો.રાજપુર, તા.જિ.પાટણ |

### કેળવણી નિરીક્ષક(પ્રાથમિક) વિભાગ

| | | | |
|---|---|---|---|
| ૨૩. | આણંદ | સંજયકુમાર વિઠ્ઠલભાઈ પટેલ | જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત આણંદ, બોરસદ ચોકડી, જિ.આણંદ |

### ખાસ શિક્ષક વિભાગ

| | | | |
|---|---|---|---|
| ૨૪. | ભાવનગર | ઘનશ્યામભાઈ લક્ષ્મણભાઈ બારૈયા | શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા, ન્યુ ફિલ્ટર સામે, વિદ્યાનગર, ભાવનગર |
| ૨૫. | બનાસકાંઠા | કંચનબેન ખોડાભાઈ પંડ્યા | માશ્રવણવાણી મૂકબધિર વિદ્યાલય, મમતા મંદિર, ડેરીરોડ, પાલનપુર |
| ૨૬. | ખેડા | મનિષકુમાર હર્ષદભાઈ જાની | રાષ્ટ્રીય અંધજન મંડળ, મુ.પો.વાંઠવાડી, તા.મહેમદાવાદ, જિ.ખેડા |

### માધ્યમિક શિક્ષક વિભાગ

| | | | |
|---|---|---|---|
| ૨૭. | સુરત | નિપુણભાઈ ઉપેન્દ્રરાય પંડ્યા | સરસ્વતી વિદ્યાલય, ગૌ શાળા પાસે, અશ્વિનીકુમાર રોડ, સુરત |
| ૨૮. | ભાવનગર | લાલજીભાઈ અરજણભાઈ પરમાર | શ્રી બી.એમ.કોમર્સ હાઈસ્કૂલ, ૧૫૧૦, ઘોઘા સર્કલ, ભાવનગર |
| ૨૯. | ગીર સોમનાથ | શાંતિબેન કાળાભાઈ ઝાલા | શ્રી કે.કે.મોરી માધ્યમિક શાળા, વેરાવળ એસ.ટી.બસ સ્ટેન્ડ સામે, વેરાવળ |
| ૩૦. | બનાસકાંઠા | નિલેશકુમાર અનાભાઈ બુંબડિયા | શ્રી બી.ડી.મહેતા આરાસુરી કન્યા વિદ્યાલય, મુ.અંબાજી, તા.દાંતા, જિ.બનાસકાંઠા |
| ૩૧. | નવસારી | ડૉ. દક્ષાબેન ભગુભાઈ પટેલ | શેઠ એન.સી.એમ. કન્યા વિદ્યાલય અને શ્રીમતી જી.એન.એમ. રો. હા. સે. સ્કૂલ, બીલીમોરા, તા.ગણદેવી, જિ. નવસારી |
| ૩૨. | મહેસાણા | ભરતકુમાર કચરાભાઈ પંચાલ | શ્રી એસ.વિ.શાહ વિદ્યા વિહાર, બી.કે.સિનેમા સામે, એસ.ટી.વર્કશોપ રોડ, મહેસાણા |
| ૩૩. | કચ્છ | દિલીપ કાંતિલાલ ભટ્ટ | શ્રી સ્વામિનારાયણ ઉ.મા.વિદ્યાલય, સંસ્કારનગર, પડદાભિટ રોડ, ભૂજકચ્છ |

### ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક વિભાગ

| | | | |
|---|---|---|---|
| ૩૪. | અમદાવાદ | મુકેશકુમાર કાન્તિલાલ પટેલ | કામેશ્વર વિદ્યાલય, જોધપુર ચારરસ્તા, જોધપુર, અમદાવાદ૧૫ |
| ૩૫. | મોરબી | અંજનાબેન અમૃતલાલ ફટાણિયા | શ્રીમતિ ડી.જે.પટેલ કન્યા વિદ્યાલય, સનાળા રોડ, નવા બસ સ્ટેન્ડ પાછળ, મોરબી |
| ૩૬. | સાબરકાંઠા | સવિતાબેન પુરુષોત્તમદાસ પટેલ | સંતશ્રી રામજીબાપા કચ્છ કડવા પાટીદાર કન્યા વિદ્યાલય, પટેલ સોસાયટી પાસે, મુ.પો.ખેડબ્રહ્મા, જિ.સાબરકાંઠા |
| ૩૭. | મહેસાણા | મુકેશકુમાર બાબુભાઈ લિંબાચિયા | શ્રી કે.કે.પટેલ ગર્લ્સહાયરસેકન્ડરીસ્કૂલ,ગોઝારિયા,તા.જિ.મહેસાણા |

### માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક આચાર્ય વિભાગ

| | | | |
|---|---|---|---|
| ૩૮. | જૂનાગઢ | મંજુલાબેન કીસાભાઈ ડોડિયા | સુનિધિ સદભાવ કન્યા વિનય મંદિર, દરબાર ગઢ, મુ.માંગરોળ, જિ.જૂનાગઢ |
| ૩૯. | વડોદરા | દિપકભાઈ વિનોદચંદ્ર પરીખ | બરોડા હાઈસ્કૂલ, ઘગઈ કેમ્પસ, મકરપુરા રોડ, વડોદરા |
| ૪૦. | સાબરકાંઠા | ગૌત્તમકુમાર રજનીકાન્ત ભટ્ટ | સંતશ્રી રામજીબાપા શારદા વિદ્યામંદિર, મુ.કોઠીકંપા,તા.વડાલી, જિ.સાબરકાંઠા |
| ૪૧. | નવસારી | રાજેશભાઈ નાનુભાઈ ટંડેલ | શેઠ એચ.સી. પારેખ નવસારી હાઈસ્કૂલ, નવસારી |

## ક્લાસિસના લીધે CAની ગુણવત્તા કથળી

# કોચિંગ ક્લાસીસમાં જઇને સી.એ. બનવું હવે અઘરું

ધો.૧૨ કોમર્સ ભણ્યા બાદ હાલમાં વિદ્યાર્થીઓમાં એક જ ટ્રેન્ડ કહો કે ગાડરીયો પ્રવાહ ચાલ્યો છે કે બી.કોમ. સાથે સી.એ. થવું. આખા ભારતમાં સુરત શહેરને સી.એ.નું હબ માનવામાં આવે છે. દિલ્હી, મુંબઇ, રાજસ્થાન જેવા વિસ્તારોમાંથી યુવક યુવતિઓ ખાસ સી.એ.નું કોચિંગ લેવા માટે સુરત આવી રહયા છે. અને સૌથી વધુ સી.એ. કદાચ સુરત શહેરમાંથી મળી રહયા છે ત્યારે હવે આ ટ્રેન્ડ આઉટડેટેડ થઇ ચૂક્યો છે અને કોચિંગ ક્લાસીસોએ જ સી.એ. અભ્યાસક્રમની ગુણવત્તા બગાડી દીધી હોવાનું સત્તામંડળો પણ માની રહયા છે. આવી સ્થિતિમાં હાલમાં જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે અને જેઓ કોચિંગ ઇન્સ્ટિટ્યૂટના આધાર પર સી.એ. બનવા માગે છે તેમણે તેમની યોજના પર ફેરવિચારણા કરવી પડે તેવી નોબત આવીને ઉભી છે.

એક્સપર્ટસ કહે છે કે સી.એ. બનવું હોય તો વિદ્યાર્થીઓએ તેમને મળતા સ્ટડી મટિરિયલથી સેલ્ફ પ્રિપેરેશન કરવું જોઇએ. સેલ્ફ પ્રિપેરેશન જેવો મજબૂત વિકલ્પ બીજો કોઇ ન હોઇ શકે. પરંતુ, હાલમાં વિદ્યાર્થીઓ ફક્તને ફક્ત ડિપેડન્ટ રહેતા હોઇ હવે કોચિંગ ક્લાસીસો પણ તેમને મદદ કરી શકે તેવી સ્થિતિમા નથી. બીજી તરફ સી.એ. ઇન્સ્ટિટ્યૂટે પણ સી.એ. અભ્યાસક્રમમાં ધરખમ ફેરફારો કરવાની જાહેરાત કરી દીધી છે આવી સ્થિતિમાં હવે કોચિંગ ક્લાસીસોના સહારે સી.એ. બનવું અઘરું થઇ પડે તેમ છે. વિદ્યાર્થીઓ અને વાલીઓએ તેમની આ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરીને કારકિર્દી ઘડતરમાં આ મહત્વના મુદ્દાને વિચારણામાં લેવો જોઇએ.

મુંબઈના ઇન્કમટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલે તાજેતરમાં એક કેસમાં ચુકાદો આપતા ટકોર કરી કે બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલી કોચિંગ ઇન્સ્ટિટ્યૂટને કારણે સી.એના વિદ્યાર્થીઓની ગુણવત્તા કથળતી જાય છે. આ ક્લાસિસમાં વિદ્યાર્થીઓને કરવામાં આવતા સ્પૂનફીડીંગને કારણે વિદ્યાર્થીઓ સ્વતંત્ર રીતે વિચાર કરવાની ક્ષમતા ગુમાવી રહયા છે. સી.એ. જેવા પ્રતિષ્ઠિત વ્યવસાયની કથળતી ગુણવત્તાને રોકવા માટે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઇન્ડિયાએ તાત્કાલિક ધોરણે પગલાં ભરવાં જોઈએ તેવું સૂચન પણ ટ્રિબ્યુનલે ચુકાદામાં કર્યું છે.

મુંબઈના મેસર્સ રાજેશ રાજીવ એસોસિયેટ્સે એસેસીને ૮ વર્ષના ગાળા બાદ ટ્રિબ્યુનલમાં અપીલ દાખલ કરવાની સલાહ આપી હતી. ખરેખર તો નિયમ મુજબ કમિશનરના ઓર્ડરમાં ૩૦ દિવસની અંદર અને ટ્રિબ્યુનલના ઓર્ડરમાં ૬૦ દિવસની અંદર અપીલ દાખલ કરવી પડે છે. સી.એ. એ એસેસીને એમ કહીને ગેરમાર્ગે દોર્યા હતા કે તેમનો અગાઉના પેન્ડિંગ કેસમાં ટ્રિબ્યુનલનો ચુકાદો આવી જાય પછી તે ટ્રિબ્યુનલના ચુકાદાને આધારે તેઓ અન્ય બે કેસમાં રેક્ટિફિકેશન અરજી કરી શકે છે.

વિજય વી. મેઘાણી વિરૂધ્ધ ડીસીઆઈટીના આ કેસમાં ચુકાદો આપતા ટ્રિબ્યુનલે જણાવ્યું હતું કે, 'સી.એ દ્વારા અપાયેલી એડવાઈસ સી.એ.ના વ્યવસાયમાં કથળતી જતી નીતિમત્તાનું સૂચન કરે છે. આઇ.સી.એ.આઇ.એ તાત્કાલિક ધોરણે આ રોકવા પગલાં ભરવાં જોઈએ. જો અન્ય સી.એ. પણ એસેસીને સી.એ. દ્વારા અપાયેલા સૂચનથી સહમત થાય તો તેનો અર્થ એમ જ થાય છે કે સી.એ.નો વ્યવસાય ઇન્કમટેક્સને લગતી બાબતો પરથી પોતાની પકડ ગુમાવી રહયો છે જે આઈસીએઆઈ માટે ચિંતાનું કારણ છે.

ટ્રિબ્યુનલે પોતાના ઓબ્ઝર્વેશનમાં જણાવ્યું હતું કે સી.એના વિદ્યાર્થીઓની કથળતી જતી ગુણવત્તાનું મુખ્ય કારણ બેફામ ખૂલી રહેલી સી.એ કોચિંગ ઇન્સ્ટિટ્યુટ્સ છે. ટ્રિબ્યુનલે નોંધ્યું છે, 'આર્ટિકલશીપ ખરેખર તો ચાર્ટર્ડ એકાઉન્ટસીના વિદ્યાર્થીઓને સારી ગુણવત્તાનું શિક્ષણ આપે છે અને તેમને પ્રેક્ટિકલ ટ્રેઈનિંગ આપીને તેમને વિચારશીલ બનાવે છે. આ જ રીતે સી.એના જુદા જુદા વિષયો પર વિદ્યાર્થીઓની પકડ આવે છે.

**GATE 2018**

**GRADUATE APTITUDE TEST IN ENGINEERING**

**Organizing Institute: IIT Guwahati**

Admissions to postgraduate programs (Master's and Doctoral) with MHRD and other Government Scholarships/ Assistantships in Engineering/Technology/Architecture/ Science are open to those who qualify in GATE. The GATE score is also used by some PSUs for their recruitment. GATE 2018 score will be valid for three years. Examinations for all the papers will be Computer Based Tests.

For examination centres in India, the application fee is ₹750 for female candidates, ₹750 for SC/ST/PwD candidates and ₹1500 for all other candidates. For examination centres in Dubai and Singapore, the application fee is **US $100**, and for Addis Ababa, Colombo, Dhaka and Kathmandu, **US $ 50** will be applicable.

The application fee has to be paid ONLINE. **The application fee once paid shall not be refunded.**

For more details on filling and submission of online application form, please visit the GATE 2018 website **www.gate.iitg.ac.in**

**DATES OF EXAMINATION**

**3rd, 4th, 10th and 11th February 2018**

**IMPORTANT DATES FOR SUBMISSION OF APPLICATION**

**Starting date : 1st September 2017 (Friday)**

**Closing date : 5th October 2017 (Thursday)**

IIT Guwahati is not responsible for printing errors, if any

email : shikshansarvada@gmail.com

FREE FOOD • FREE EDUCATION • FREE MEDICINE

શિક્ષણ સર્વદા

# ૧ થી ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૭

its all about EDUCATION

શિક્ષણ સર્વદા બ્રાંચ ઓફિસ : સાંઇ કોર્પોરેશન, સુબોધ બેકરી સામે, એલ.આઇ.સી. ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, સુરત. ટેલીફેક્સ : ૦૯૮૨૫૩-૪૪૯૪૪

# સલામ છે આ ટીનેજરની પ્રામાણિકતાને



## સુરતમાં સિક્યોરિટી ગાર્ડના ૧૫ વર્ષના દીકરાને ક્રિકેટ રમતી વખતે ૪૦ લાખ રૂપિયાના હીરાનું પેકેટ મળ્યું, પરંતુ ડાયમન્ડ માર્કેટ બંધ હોવાથી ઘરે લઈ ગયો : કોઈને કહે તો તે લઈ જાય એવા ડરથી કોઈને બતાવ્યા નહીં અને બે દિવસ પોતાની પાસે રાખીને બજાર ખૂલતાં જ અસલ માલિકને પાછું આપ્યું

નૈતિકતા, ઈમાનદારી અને માબાપના સંસ્કારો હજી મરી પરવાર્યા નથી એ વાત સુરતના સિક્યોરિટી ગાર્ડના ૧૫ વર્ષના દીકરાએ સાબિત કરી છે. ક્રિકેટ રમતાં મળી આવેલા ૭૦૦ કેરેટના ૪૦ લાખ રૂપિયાના હીરાનું પેકેટ જીવની જેમ બે દિવસ સુધી સાચવી રાખીને બજાર ખૂલતાં એના ઓરિજિનલ માલિકને પાછું આપીને વિશાલ ઉપાધ્યાય ઈમાનદારીનો હીરો બની ગયો છે.

૪૦ લાખના હીરા પાછા આપનાર વિશાલ ઉપાધ્યાયનું ગઈ કાલે સુરત ડાયમન્ડ અસોસિએશન દ્વારા ટ્રોફી આપીને સન્માન કરવામાં આવ્યું હતું તેમ જ તેની ઈમાનદારીને કારણે જેમના હીરાનું પેકેટ હતું તે મનસુખ સાવલિયાએ ૩૦ હજાર રૂપિયાનું ઇનામ આપ્યું હતું, જયારે સુરત ડાયમન્ડ અસોસિએશનના પ્રમુખ બાબુભાઈ ગુજરાતીએ આખા વર્ષની સ્કૂલની ફી ભરવાની જવાબદારી લઈને તેને સન્માન આપ્યું હતું.


વિશાલના પિતા ફૂલચંદ ઉપાધ્યાયે કહ્યું હતું કે ‘અમને ઇનામથી જેટલી ખુશી નથી એનાથી વધુ ખુશી એ વાતની છે કે જેનો માલ હતો તેને સહીસલામત રીતે પાછો કર્યો. ૧૫ ઓગસ્ટે મારા દીકરાને ક્રિકેટ રમતાં હીરાનું પેકેટ મળ્યું હતું. તેણે ઘરે લાવીને એ મૂકી દીધું. રજાઓને કારણે હીરાબજાર બંધ હોવાથી મારો દીકરો કોઈને આ વાત જણાવવા નહોતો માગતો કે તેને હીરાનું પેકેટ મળ્યું છે, નહીં તો બીજી કોઈ ખોટી વ્યક્તિ એ લઈ જાય. એટલે બજાર ખૂલે એની રાહ જોઈને બેઠા હતા. દરમ્યાન બજાર ખૂલી ત્યારે અસોસિએશને પણ ઈઈઝટ કેમેરાનાં ફુટેજ જોયાં એમાં મારો દીકરો દેખાયો હતો. હું સુરત ડાયમન્ડ અસોસિએશનમાં જ સિક્યોરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતો હોવાથી મને બોલાવ્યો ત્યારે મેં કહ્યું કે માલ મારી પાસે છે, પરંતુ જેનો આ માલ છે એ સાચી વ્યક્તિ સામે આવે પછી જ આ હીરા તેને સોંપીશું. જેના આ હીરા હતા તે ભાઈ આવી જતાં મારા દીકરાને બોલાવીને જેમના હીરા હતા તેમને શુક્રવારે હીરાનું પેકેટ સહીસલામત પરત કર્યું હતું. મારી ફેમિલીમાં બે દીકરા અને એક દીકરી છે, પણ મેં બધાને ઈમાનદારીના પાઠ ભણાવ્યા છે. હું બહુ કમાતો નથી અને પાર્ટટાઇમ રિક્ષા પણ ચલાવું છું. મારી પત્ની લેડીઝ કપડાં સીવે છે.

જેને ૪૦ લાખ રૂપિયાના હીરાનું પેકેટ મળ્યું તે વિશાલે ‘મિડડેને કહ્યું હતું કે ‘મને ક્રિકેટ રમતાં આ હીરાનું પેકેટ મળ્યું હતું. બજાર બંધ હોવાથી હું આ પેકેટ ઘરે લઈ ગયો હતો. મારાં મમ્મીપપ્પાએ અમને શીખવાડ્યું છે કે કોઈની વસ્તુ લેવાની નહીં, જમા કરાવી દેવાની. બજાર ખૂલે એની અમે રાહ જોતા હતા.

સુરત ડાયમન્ડ અસોસિએશનના ભૂતપૂર્વ પ્રમુખ અને જેમ્સ એન્ડ જવેલરી પ્રમોશન કાઉન્સિલગુજરાતના રીજનલ ચેરમેન દિનેશ નાવડિયાએ ‘મિડડેને કહ્યું હતું કે ‘મનસુખભાઈ નામના બ્રોકર હીરા લઈને નીકળ્યા હતા. શર્ટની નીચે ગંજીના ખિસ્સામાં આ હીરાનું પેકેટ મૂક્યું હતું, પરંતુ ખિસ્સાની ચેઇન ખુલ્લી રહી જતાં પેકેટ પડી ગયું હતું. આ પેકેટ વિશાલને મળ્યું હતું. જોકે માર્કેટ બંધ હતું એટલે તેણે પેકેટ ઘરે મૂકી દીધું હતું. દરમ્યાન ઈઈઝટ કેમેરા દ્વારા આ ઘટના ધ્યાન પર આવી હતી અને ફૂલચંદભાઈને બોલાવી પૂછપરછ કરતાં તેમણે કહ્યું હતું કે પેકેટ મળ્યું છે, પરંતુ જેમના આ હીરા છે તેમને પાછા આપીશું. છેવટે જેમના હીરા હતા તેમને પાછા મળી ગયા છે. હીરા પાછા આપનાર વિશાલનું અસોસિએશન દ્વારા સન્માન કરવામાં આવ્યું છે.

*સુનીતા વિલિયમ્સની જેમ અવકાશમાં જવું હોય, ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામની જેમ મિસાઈલમૅન બનવું હોય કે પછી ચાર્ટર્ડ અકાઉન્ટન્ટથી લઈને મૅનેજમેન્ટ ગુરુ બનવું હોય, ગણિતમાં પારંગત થવું અનિવાર્ય છે. પરંતુ આજેય અસંખ્ય લોકો એવા છે જેમને મૅથેમૅટિક્સ માથાકૂટિસ લાગે છે અને નામ સાંભળતાંવેંત તેઓ વાઈબ્રેટ મોડમાં જતા રહે છે. હકીકતમાં ગણિત જેવો જાદુઈ વિષય બીજો એકેય નથી. હવે તો સ્માર્ટફોનના યુગમાં એકથી એક ચડિયાતી ઍપ્લિકેશન્સ મોજૂદ છે જે આ વિષયમાં હસતાંરમતાં નિષ્ણાત બનાવી દે છે. વધુ રસપ્રદ વાત એ છે કે એને વાપરવા માટે આપણે એક કાણી પાઈ પણ ખર્ચવાની નથી.*

# ગણિતને ગેમ બનાવતી ઈન્ટરેસ્ટીંગ મોબાઈલ એપ્સ




**મૅથ્સ ફૉર્મ્યુર્લાઝ ફ્રી :**

નામ જ કહી આપે છે તેમ આ ઍપમાં ગણિતની મોટા ભાગની ફૉર્મ્યૂલાઓ સમાવી લેવામાં આવી છે. ભૂમિતિ, બીજગણિત, ત્રિકોણમિતિથી લઈને કલનશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર જેવા ભેજાનું દહીં કરી નાખતા ગણિતના વિષયાંગોની પ્રખ્યાત ફૉર્મ્યૂલાઓનો જંગી સંગ્રહ છે. મજાની વાત એ છે કે આ ઍપ હિન્દી સહિત વિશ્વની ૨૮ ભાષાઓમાં ઉપલબ્ધ છે. તમે એમાં ગણિતની ટ્રિક્સ પણ શીખી શકો છો અને વારંવાર ઉપયોગમાં લેવાની થતી ફૉર્મ્યૂલાઓને એક ફોલ્ડરમાં ભેગી પણ કરી શકો છો.

**મૅથેમૅટિક્સ ડિક્શનરી :**

પાઈ, પાયથાગોરસ થિયેરમ, બાયનોમિયલ, કૅલ્ક્યુલસ, ગેમ થિયરી, ઈન્ફિનિટી... તમારી સામે ધડાધડ આવા શબ્દોનો મારો ચલાવે તો તમારી શી હાલત થાય? પરંતુ જો તમારા ફોનમાં આ મૅથેમૅટિક્સ ડિક્શનરી ડાઉનલોડ કરેલી હશે તો તમે એના અર્થનો સામો મારો ચલાવી શકશો. તમે તમારા તરફથી આ ઍપમાં વ્યાખ્યાઓ ઉમેરી પણ શકશો.

**મૅથ્સ ગેમ્સ :**

ગણિત શીખવાનો સૌથી મસ્ત રસ્તો છે ગેમ્સ. ઍપ્સ સ્ટોરમાં આંટો મારશો એટલે ખ્યાલ આવશે કે અહીં તો એકએકથી ચડિયાતી ગેમ્સનો ભંડાર ભર્યો છે. એમાં અમને ગમી ગયેલી અમુક ગેમ્સ પૈકીની પહેલી છે, કાઉન્ટ ડાઉન મેથ ગેમ. અહીં તમને ત્રણ આંકડાનો એક ફિગર અપાશે, જેની નીચે છ છૂટક આંકડા હશે. તમારે એ છ આંકડાનો એકેક વાર ઉપયોગ કરી એની વચ્ચે સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકારનો ઉપયોગ કરીને એ ટોટલ લાવવાનો રહેશે.

કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાનું મહત્વનું અંગ હોય છે ગણિતના સવાલો. એમાં મદદરૂપ થાય તેવી એક ગેમિંગ ઍપ છે ટુ વાર્સ. અહીં સિમ્પલ દેખાતી ગણતરીઓમાં ખૂટતા આંકડા મૂકીને આખું સમીકરણ પૂરું કરવાનું રહેશે. જેમજેમ એક પછી એક લેવલ પસાર કરતા જશો તેમતેમ ડિફિકલ્ટીનું લેવલ પણ આકરું થતું જશે. મોટા ભાગના હાયર મૅથ્સમાં ઍલ્જિબ્રા એટલે કે બીજગણિત આવડતું હોવું એ પાયાની શરત છે. એ માટે થોડો સમય ઍલ્જિબ્રા ટ્યૂટર રમી જુઓ. અહીં મજા એ છે કે બીજગણિતની વિવિધ ફૉર્મ્યૂલાઓમાંથી તમારે જ પસંદગી કરવાની રહેશે અને એમાંથી જ તમારી સામે વિવિધ દાખલા પઝલ સ્વરૂપે આવશે. દાખલો ન આવડે કે ખોટો પડે તો સ્ટેપ બાય સ્ટેપ એનું સૉલ્યુશન પણ ખરું જ. આવી જ બીજી એક ગેમ છે મૅથ ઈફેક્ટ. ખાસ કરીને બાળકોને આ ગેમ રમાડવા જેવી છે.

તમને સુડોકુ રમવામાં રસ ખરો? અત્યારે ભલે આ રમતનો ક્રેઝ થોડો ઘટી ગયો હોય, પરંતુ આંકડાઓથી દિમાગને ટ્રેઈનિંગ આપવા માટે આ બેસ્ટ ગેમ છે. અખબારોનાં પાનાં પરથી સ્માર્ટફોનમાં આવી ગયેલી આ ગેમ રમવા માટેની એક મસ્ત ઍપ છે સિમ્પ્લી સુડોકુ .

**ફોટો મેથ:**

બુકમાં છપાયેલા ગણિતના કોઈ પણ દાખલા કે સમીકરણનો ઈન્સ્ટન્ટ ઉકેલ જોઈતો હોય તો આ ઍપ જાદુઈ કામ આપે છે. આ ઍપ ઓપન કરીને મોબાઈલનો કૅમેરા એ દાખલાની રકમ પર ફોકસ કરશો એટલે તરત જ સ્ક્રીન પર એનો જવાબ ડિસ્પ્લે થશે.

**મેથ ટ્રીક:**

વેદિક ગણિતના નામે આપણને ગણતરીઓના જે શૉર્ટકટ્સ શીખવવામાં આવે છે એ માટે બોરિંગ બુક્સ વાંચવાની જરૂર નથી. બસ, આ ઍપ અજમાવી જુઓ. સ્ટુડન્ટથી લઈને કોઈ પણ ઉંમરની વ્યક્તિને ભારે ઉપયોગી થાય એવી આ ઍપ છે.

SHIKSHAN SARVADA : Year : 10, Issue: 238, Owner, Publisher & Printer : Ashok Randeria has published from 101, Rudraksh Residency, Opp. Janki Row House, Near Jalarambapa Temple, L.P. Savani School Road, Adajan, SURAT. Ph : 0261-2747440 and printed at Jagdish Printers, 10/537, Narayan Krupa apartment, Gajjar Sheri, Opp. B.O.B., Soni Falia Main Road, SURAT. RNI Regn. No. GUJ/2006/20048.